CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ જાન્યુઆરી ૨૦૨૪, સોમવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ વદ ચોથ | અંક : ૧૭૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ભાજપના બે નેતા બન્યા નાયબ મુખ્યમંત્રી

## બિહારમાં નીતીશ કુમારે નવમી વખત મુખ્યમંત્રી પદે શપથ લીધા

**બિહારમાં નીતીશ કુમારે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા આ વખતે તેમણે એનડીએમાં સામેલ થઈ સરકાર બનાવી**

। (એજન્સી) પટના, તા.૨૮ ।

બિહારમાં નીતીશ કુમારે નવમી વખત મુખ્યમંત્રી પદે શપથ લીધા છે. મહાગઠબંધન છોડ્યા બાદ નીતીશ કુમાર એનડીએમાં સામેલ થઈ ગયા છે. નીતીશ કુમારે સવારે બિહારના મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યું હતું અને સાંજે ફરી શપથ લઈ લીધા છે. જેડીયૂના રાષ્ટ્રીય અધ્યક્ષ નવમી વખત બિહારના મુખ્યમંત્રી બન્યા છે. શપથ ગ્રહણ સમારોહમાં ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડા, ચિરાગ પાસવાન, જીતન રામ માંઝી સહિત અન્ય નેતાઓ હાજર રહ્યાં હતા. બિહારમાં આજથી એનડીએની સરકાર બની છે. નીતીશ કુમારે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ ભાજપના સમ્રાટ ચૌધરીએ નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. સમ્રાટ ચૌધરી કુશવાહા જાતિથી આવે છે અને બિહાર ભાજપના પ્રદેશ અધ્યક્ષ છે. સમ્રાટ ચૌધરી દિગ્ગજ નેતા શકુનિ ચૌધરીના પુત્ર છે. આ સિવાયચ લખીસરાય સીટથી ચાર વખત ધારાસભ્ય વિજય સિન્હાએ પણ નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. રાજભવનમાં શપથ ગ્રહણ સમારોહ સાંજે પાંચ કલાકે શરૂ થયો હતો. રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે સૌથી પહેલા નીતીશ કુમારને મુખ્યમંત્રી પદના શપથ અપાવ્યા



હતા. ત્યારબાદ સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હાએ પદ તથા ગોપનિયતાના શપથ લીધા હતા. બંનેને નીતીશના નેતૃત્વવાળી સરકારમાં નાયબ મુખ્યમંત્રી બનાવાયા છે.

ચોથા નંબર પર સીએમ નીતીશ કુમારના ખાસ મનાતા જેડીયૂ નેતા વિજય ચૌધરીએ મંત્રી પદના શપથ લીધા હતા. મહાગઠબંધન સરકારમાં તેમની પાસે નાણા મંત્રાલયની જવાબદારી હતી. બિહાર સરકારમાં તે જેડીયૂથી નંબર ટૂ નેતા માનવામાં આવે છે. વિજય ચૌધરી બાદ જેડીયૂના વરિષ્ઠ નેતા તથા સુપૌલથી ધારાસભ્ય બિજેન્દ્ર પ્રસાદ યાદવે પાંચમાં નંબર પર શપથ લીધા હતા. ત્યારબાદ ભાજપના નેતા પ્રેમ કુમારે મંત્રી પદે શપથ લીધા હતા. જેડીયૂ ધારાસભ્ય શ્રવણ કુમાર પણ મંત્રી બન્યા છે. ત્યારબાદ જીતનરામ માંઝીના પુત્ર સંતોષ કુમાર સુમને મંત્રી પદે શપથ લીધા છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે મોટું પગલું ભરતાં રવિવારે (૨૮ જાન્યુઆરી) ના રોજ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું હતું. જેડીયુ ધારાસભ્ય દળની બેઠક બાદ તેઓ રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરને મળ્યા અને રાજીનામું સુપરત કર્યું હતું. આ સાથે બિહારમાં આરજેડી, જેડીયુ, કોંગ્રેસ અને ડાબેરીઓનું ગઠબંધન તૂટી ગયું છે. હવે નીતીશ કુમાર ભાજપના સમર્થન સાથે સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો. રાજીનામા બાદ નીતિશ કુમારે કહ્યું કે ત્યાં બધુ બરાબર ચાલી રહ્યું નથી. દોઢ વર્ષ સુધી ગઠબંધન હતું, ત્યાં સ્થિતિ સારી નહોતી, કોઈ કામ થઈ રહ્યું ન હતું. હું નવા ગઠબંધનમાં જઈ રહ્યો છું.લોકસભા ચૂંટણી પહેલા નીતીશ કુમારના આ પગલાને ભારતમાં વિપક્ષી પાર્ટીઓના ગઠબંધન માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. જોકે નીતીશ કુમારને ઈન્ડિયા એલાયન્સના આર્કિટેક્ટ માનવામાં આવે છે. શુક્રવારે જ જેડીયુ સાથે સંકળાયેલા સૂત્રોએ કહ્યું હતું કે નીતીશ કુમાર ભારત ગઠબંધનના સંયોજક ન બનાવવા અને સીટ વહેંચણીમાં વિલંબથી નારાજ છે.

**મન કી બાતના ૧૦૯મા એપિસોડમાં બોલ્યા વડાપ્રધાન મોદી**

## રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાએ દેશને એક સૂત્રમાં બાંધ્યો

**૨૨ જાન્યુઆરીની સાંજે સમગ્ર દેશે રામજ્યોતિ પ્રગટાવી અને દિવાળીની ઉજવણી કરી, આ સમય દરમિયાન, દેશે સામૂહિકતાની શક્તિ જોઈ : મોદી**

। નવી દિલ્હી, તા.૨૮ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રેડિયો કાર્યક્રમ મન કી બાતના ૧૦૯મા એપિસોડમાં દેશને સંબોધિત કર્યો છે. આજે તેઓ તેમના રેડિયો કાર્યક્રમમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠાના અવસરના અનુભવો સહિત પ્રજાસત્તાક દિવસ, અમૃતકાળ, મહિલા શક્તિ સહિતના મુદ્દે વાત કરી છે. આ સાથે તેમણે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમોનો ઉલ્લેખ પણ મન કી બાત કાર્યક્રમ દરમિયાન કર્યો છે. પીએમ મોદીએ કહ્યું કે આ વર્ષે આપણું બંધારણ પણ ૭૫ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે અને સુપ્રીમ કોર્ટ પણ ૭૫ વર્ષ પૂર્ણ કરી રહી છે. આપણા લોકશાહીના આ તહેવારો ભારતને લોકશાહીની માતા તરીકે વધુ મજબૂત બનાવે છે. ૨૦૨૪નો આ પહેલો 'મન કી બાત' કાર્યક્રમ છે. અમૃતકાલમાં નવો ઉત્સાહ, નવી લહેર છે. બે દિવસ પહેલા આપણે બધા દેશવાસીઓએ ૭૫માં ગણતંત્ર દિવસની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આપણા બંધારણની મૂળ નકલના ત્રીજા અધ્યાયમાં ભારતના નાગરિકોના મૂળભૂત અધિકારોનું વર્ણન કરવામાં આવ્યું છે અને તે ખૂબ જ રસપ્રદ છે કે ત્રીજા અધ્યાયની શરૂઆતમાં આપણા બંધારણના નિર્માતાઓએ ઉલ્લેખ કર્યો છે. ભગવાન રામ, માતા સીતા અને લક્ષ્મણજીના ચિત્રોને સ્થાન આપવામાં આવ્યું હતું. ભગવાન રામનું શાસન આપણા બંધારણના ઘડવૈયાઓ માટે પણ પ્રેરણાસ્ત્રોત હતું અને તેથી જ ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં મેં 'દેવથી દેશ', 'રામથી રાષ્ટ્ર'ની વાત કરી હતી. વડાપ્રધાન



નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં વધુમાં કહ્યું કે મિત્રો, અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠાના અવસરે દેશના કરોડો લોકોને એક સાથે જોડી દીધા છે. દરેકની લાગણી સરખી છે, દરેકની ભક્તિ સરખી છે, દરેકના શબ્દોમાં રામ છે, દરેકના હૃદયમાં રામ છે. ૨૨ જાન્યુઆરીની સાંજે સમગ્ર દેશે રામજ્યોતિ પ્રગટાવી અને દિવાળીની ઉજવણી કરી. આ સમય દરમિયાન, દેશે સામૂહિકતાની શક્તિ જોઈ, જે વિકસિત ભારત માટેના અમારા સંકલ્પોનો મુખ્ય આધાર પણ છે. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે મેં દેશની જનતાને મકરસંક્રાંતિથી ૨૨ જાન્યુઆરી સુધી સ્વચ્છતા અભિયાન ચલાવવાનો અનુરોધ કર્યો હતો. મને ગમ્યું કે લાખો લોકો ભક્તિ સાથે જોડાયા અને તેમના વિસ્તારમાં ધાર્મિક સ્થળોની સફાઈ કરી. મારા વ્હાલા દેશવાસીઓ, આ વખતે ૨૬મી જાન્યુઆરીની પરેડ ખૂબ જ અદ્ભુત હતી, પરંતુ પરેડમાં સૌથી વધુ ચર્ચા મહિલા સશક્તિકરણની હતી, જ્યારે કેન્દ્રીય સુરક્ષા દળો અને દિલ્હી પોલીસની મહિલા ટુકડીએ ડ્યુટી પાથ પર કૂચ કરવાનું શરૂ કર્યું ત્યારે દરેકને ગર્વ થયો.

**ન્યૂઝ બ્રિફ**

### બર્નાર્ડ અરનોલ્ટ દુનિયાના સૌથી અમીર શખ્સ બન્યા



।(એજન્સી) વોશિંગ્ટન, તા.૨૮।

દુનિયામાં દિગ્ગજ અરબ પતિઓનું લિસ્ટ ફરીથી જાહેર થઈ ગયું છે. આ વખતે અરબ પતિ બનવાનો આખેઆખો ખેલ પલટાયો છે. એલન મસ્કને પછાડીને બર્નાર્ડ અરનૉલ્ટ દુનિયાના સૌથી અમીર શખ્સ બની ગયા છે. ફોર્બ્સ મેગેઝીન દ્વારા દુનિયાના સૌથી અમીર શખ્સોનું લિસ્ટ જાહેર કરાયું છે. જેમાં બર્નાર્ડ અરનૉલ્ટે એલન મસ્કને પાછળ છોડી દીધા છે. બર્નાર્ડ અરનૉલ્ટની નેટવર્થ વધીને ૨૦૭.૬ અરબ ડોલર પર પહોંચી ગઈ છે. ફોર્બ્સ બિલિયોનર્સ ઈન્ડેક્સ મુજબ, બર્નાર્ડ અરનૉલ્ટની નેટવર્થ ૨૦૭.૬ અરબ ડોલર પર પહોંચી ગઈ છે. બ્લૂમબર્ગ મુજબ, તેમની સંપત્તિમાં એકઝાટકે ૧૮.૬ અરબ ડોલરનો ઉછાળો આવ્યો છે. આ ઉછાળને કારણે તેઓ એલન મસ્કથી આગળ નીકળી ગયા છે.

### ઘટનામાં એક મહિલાનું મોત, ૧૭ ઘાયલ

## સિંગર બી પ્રાકના કાર્યક્રમમાં ભીડ ઉમટતા સ્ટેજ તૂટી પડ્યું

**દુર્ઘટના સમયે ગાયક બી પ્રાક સ્ટેજ પર હતા અને ભીડ તેમની નજીક જવા માટે સ્ટેજ પર ચઢવા લાગી હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

દિલ્હીના કાળકાજી મંદિરના સંકુલમાં આયોજિત જાગરણ કાર્યક્રમમાં મોટો અકસ્માત થયો હતો. અહીં કાર્યક્રમ દરમિયાન અચાનક જ સ્ટેજ તૂટી પડ્યું હતું. આ અકસ્માતમાં એક મહિલાનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. અકસ્માતની માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મામલાની તપાસ શરૂ કરી હતી. અકસ્માત સમયે જાણીતા ગાયક બી પ્રાક સ્ટેજ પર હાજર હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે, બી



પ્રાકના ચાહકોની ભીડ તેની નજીક જવાનો પ્રયાસ કરી રહી હતી. જેના કારણે સ્ટેજ પર વજન વધી ગયું હતું. મળતી માહિતી મુજબ કાળકાજી મંદિરમાં છેલ્લા ૨૬ વર્ષથી ધાર્મિક કાર્યક્રમ માતા જાગરણનું આયોજન કરવામાં આવે છે. આવો જ એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લોકપ્રિય ગાયક બી પ્રાક પણ આવ્યા હતા. જેના કારણે કાર્યક્રમમાં ભારે ભીડ જોવા મળી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આયોજકોએ આ કાર્યક્રમ માટે ઔપચારિક પરવાનગી લીધી ન હતી. જોકે, માહિતી મળતાં પોલીસે સુરક્ષા અને કાયદો અને વ્યવસ્થા માટે પૂરતા પ્રમાણમાં પોલીસકર્મીઓ ફરજ પર તૈનાત કરી દીધા હતા. મળતી માહિતી મુજબ જ્યારે ગાયક બી પ્રાક સ્ટેજ પર આવ્યા ત્યારે અણધારી રીતે ભીડ વધવા લાગી.

### આધાર અને સ્માર્ટ કાર્ડ જરૂરી

## સંસદ ભવનમાં પ્રવેશવાના નિયમોમાં ફેરફાર કરાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

સંસદ ભવનમાં સુરક્ષાની ખામી સામે આવ્યા બાદ, સંસદના આગામી બજેટ સત્ર દરમિયાન સંકુલમાં દર્શકોના પ્રવેશ માટે નવી વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે. મુલાકાતીઓએ સંસદની મુલાકાત લેવા માટે પહેલા ઓનલાઈન અરજી કરવાની રહેશે અને તેની મંજૂરી મળ્યાં બાદ તેમના મોબાઈલ ફોન પર એક ઊઈ કોડ આપવામાં આવશે. સંસદમાં પ્રવેશવા માંગતા દર્શકોએ મોબાઈલ પર મળેલા ઊઈ કોડની પ્રિન્ટ આઉટ લઈને સંસદમાં જવું પડશે. ઊઈ કોડની પ્રિન્ટની સાથેસાથે આધાર કાર્ડ પણ સાથે લાવવાનું રહેશે. સંસદમાં પહોંચ્યા પછી, પહેલા ઊઈ કોડને મંજૂરી આપવી પડશે.આ તમામની તપાસ પ્રકીયા પૂર્ણ કર્યા બાદ રિસેપ્શનમાં દર્શકોના બાયોમેટ્રિક્સ લેવામાં આવશે અને ફોટોગ્રાફ્સ લેવામાં આવશે.

### ચીન પાસે બે અબજ ડોલરની માગી લોન

## પાકિસ્તાન ડૂબ્યુ દેવામાં, ફરી ચીનની સામે લંબાવ્યો હાથ

। ઈસ્લામાબાદ, તા.૨૮ ।

આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાને તેના નજીકના સાથી ચીનને મદદની અપીલ કરી છે. તેણે બેઈજિંગ પાસેથી બે અબજ ડોલરની આર્થિક મદદ માગી છે. કાર્યવાહક વડાપ્રધાન અનવર ઉલ હક કાકરે ચીનના વડાપ્રધાન લી કિઆંગને પત્ર લખ્યો છે. જેમાં તેણે વિનંતી કરી છે કે ચીનની લોન માટે જમા કરવાનો સમય ૨૩ માર્ચે પૂર્ણ થાય કે તરત જ લોનને રોલ ઓવર કરી દેવામાં આવે. શનિવારે એક મીડિયા રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી હતી. પાકિસ્તાની અખબારના સમાચાર અનુસાર, કકરે પત્રમાં પાકિસ્તાનને આર્થિક સંકટમાં મદદ કરવા બદલ ચીનનો આભાર વ્યક્ત કર્યો હતો. રોકડની તંગીથી ઝઝૂમી રહેલા દેશને ચીન પાસેથી કુલ ચાર અબજ ડોલરની લોન મળી હતી.

**ઓલી પોપની ઈનિંગ બાદ હાર્ટલીની ઘાતક બોલિંગ**

## હૈદરાબાદ ટેસ્ટમાં ભારત સામે ઈંગ્લેન્ડનો ૨૮ રને વિજય થયો

**ઈંગ્લેન્ડે ભારતને જીત માટે ૨૩૧ રનનો ટાર્ગેટ આપ્યો હતો : ભારતીય ટીમ૨૦૨ રન બનાવી ઓલઆઉટ થઈ**

। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૮ ।

બેન સ્ટોક્સની ટીમે હૈદરાબાદ ટેસ્ટમાં કમાલ કરી દીધો છે. ચોથા દિવસે ઈંગ્લેન્ડે ભારતીય ટીમને ૨૮ રને પરાજય આપી પાંચ મેચની સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. ઈંગ્લેન્ડે ભારતને જીત માટે ૨૩૧ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જેના જવાબમાં ભારતીય ટીમ બીજી ઈનિંગમાં ૨૦૨ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ઈંગ્લેન્ડ તરફથી બીજી ઈનિંગમાં હાર્ટલીએ સાત વિકેટ લીધી હતી.

ઈંગ્લેન્ડે આપેલા ૨૩૧ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમને યશસ્વી જાયસવાલ અને રોહિત શર્માએ ૪૨ રનની ભાગીદારી કરી સારી શરૂઆત અપાવી હતી. ત્યારબાદ હાર્ટલીએ ગિલ અને યશસ્વીને એક ઓવરમાં આઉટ કરી ઈંગ્લેન્ડની વાપસી કરાવી હતી. યશસ્વી ૧૫ અને ગિલ શૂન્ય રન બનાવી આઉટ થયા હતા. હાર્ટલીએ ભારતને ત્રીજો ઝટકો આપતા કેપ્ટન રોહિત શર્માને ૩૯ રને પેવેલિયન પરત મોકલી આપ્યો હતો.

કેએલ રાહુલ ૨૨ રન બનાવી રૂટનો શિકાર બન્યો હતો. અક્ષર પટેલ ૧૭ રન બનાવી હાર્ટલીની ઓવરમાં આઉટ થયો હતો. રવિન્દ્ર જાડેજા માત્ર ૨ રન બનાવી રનઆઉટ થયો હતો. શિકર ભરતે ૨૮ અને આર અશ્વિને ૨૮ રન બનાવ્યા હતા. મોહમ્મદ સિરાજ ૧૨ રન બનાવી અંતિમ વિકેટના રૂપમાં આઉટ થયો હતો. ઈંગ્લેન્ડ તરફથી પ્રથમ ટેસ્ટ મેચ રમી રહેલા ટોમ હાર્ટલીએ ૬૨ રન આપી સાત વિકેટ લીધી હતી. આ સિવાય જો રૂટ અને જેક લીચને એક-એક સફળતા મળી હતી. જ્યારે એક બેટર રન આઉટ થયો હતો. મેચની વાત કરીએ તો ઈંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરતા ૨૪૬ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમે ૪૩૬ રન બનાવી ૧૯૦ રનની લીડ મેળવી હતી. બીજી ઈનિંગમાં ઈંગ્લેન્ડ તરફથી ઓલી પોપે ૧૯૬ રનની શાનદાર ઈનિંગ રમી હતી. ઈંગ્લેન્ડની ટીમ બીજી ઈનિંગમાં ૪૨૦ રન બનાવી ઓલઆઉટ થઈ અને ભારતને જીત માટે ૨૩૧ રનનો ટાર્ગેટ મળ્યો હતો.




CMYK

## ન્યુઝ બોક્ષ

### કાસવા ગામે ધોળે દિવસે મંદિરની દાનપેટીની ચોરી કરવા માટે તસ્કર ત્રાટક્યા

। (એજન્સી) મહેસાણા, તા.૨૮ ।

મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં આવેલ કાસવા ગામે ધોળે દિવસે મંદિરની દાનપેટીની ચોરી કરવા માટે તસ્કર ત્રાટક્યાની ઘટના સામે આવી છે. મહેસાણા સહિતના ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં ચોરીની ઘટનાઓ દિવસે દિવસે વધતી જઈ રહી છે. આ દરમિયાન તસ્કરોએ હવે ધોળે દિવસે ચોરીની ઘટનાઓને અંજામ આપવા લાગ્યા છે. કડીના કાસવા ગામે ધોળે દહાડે તસ્કરો ત્રાટકવાની ઘટના સામે આવી છે. છેલ્લા કેટલાક સમયથી કડી અને આસપાસના વિસ્તારમાં ચોરીની ઘટનાઓનું પ્રમાણ વધ્યુ છે.

### ગાંધીનગરના ઉવારસદમાં સફાઈ કર્મીઓ હડતાળ પર ઉતર્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

ગાંધીનગર શહેર નજીક આવેલા ઉવારસદ વિસ્તારમાં સફાઈ કર્મીઓ હડતાળ પર ઉતર્યા છે. સફાઈ કર્મીઓને સફાઈ કામ માટે પૂરતા પ્રમાણમાં સાધનો નહીં મળવાને લઈ હડતાળ પર ઉતર્યા છે. સફાઈ કર્મીઓ સફાઈ કરવી કેવી રીતે એ સૌથી મુશ્કેલી છે. આ માટે સ્થાનિક ગ્રામ પંચાયતને અનેકવાર રજૂઆતો કરવા છતાં પણ કોઈ જ ઉકેલ નહીં આવતા હડતાળ કરાઈ છે. ગાંધીનગરના ઉવારસદમાં સફાઈ કર્મીઓ હડતાળ પર ઉતર્યા છે. સફાઈ કરવા માટે તેમની પાસે પૂરતા પ્રમાણમાં સાધનો જ નથી. સફાઈ કરવા માટે જરુરી એવા સાવરણાં જેવા સાધનો પણ ગ્રામ પંચાયત દ્વારા નહીં આપ વામાં આવતા સફાઈ કર્મીઓમાં રોષ વ્યાપ્યો હતો.

### સાબર ડેરીએ દૂધના ભાવમાં કિલો ફેટે રૂપિયા ૧૦નો ભાવ વધારો કર્યો

। (એજન્સી) સાબરકાંઠા, તા.૨૮ ।

સાબરકાંઠા અને અરવલ્લીના પશુપાલકો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. સાબર ડેરીએ દૂધના ભાવમાં કિલો ફેટે રૂપિયા ૧૦નો ભાવ વધારો કર્યો છે, જે ભાવ વધારો ૧ ફેબ્રુઆરીથી અમલમાં આવશે. અત્રે જણાવીએ કે, ડેરીની નિયામક મંડળની મિટીંગમાં આ પશુપાલોકના હિતમાં નિર્ણય લેવાયો છે. સાબર ડેરીના ભાવ વધારાના પગલે ૩.૫૦ લાખ પશુપાલકોને સીધો ફાયદો થશે.

### શિક્ષણમાં વધુ એક કૌભાંડનો પર્દાફાશ

# RTIથી વિગતો મેળવી શાળાઓને છેતરતો તોડબાજ ઝડપાઈ ગયો

### શાળાઓનું સંચાલન કરતા ટ્રસ્ટીને ધાક ધમકીઓ આપી તોડ કરાતો : ૬૬ લાખ રૂપિયાનો તોડ કર્યાની ફરિયાદ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

ગુજરાતની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની RTI થી વિગતો મેળવી ખોટી અરજીઓ કરીને શાળા સંચાલકો - ટ્રસ્ટીઓનો લાખો રૂપિયાનો તોડ કરતાં ગાંધીનગરના સેકટર - ૭/ડીમાં રહેતા મહેંદ્ર નનુભાઈ પટેલ વિરુદ્ધ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ગુજરાતના અલગ અલગ ૧૮ શહેરમાં જય અંબે વિદ્યાભવન નામની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનું સંચાલન કરતા ટ્રસ્ટીને ધાક ધમકીઓ આપી ૬૬ લાખનો તોડ કરનાર મહેંદ્ર પટેલને સીઆઈડી ક્રાઈમે ઉઠાવી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા શિક્ષણ આલમમાં ચકચાર મચી ગઈ છે.

સુરત ખાતે રહેતા પ્રવિણભાઇ કેશુભાઈ ગજેરા જય અંબે વિદ્યાભવનના ટ્રસ્ટી છે. તેઓ વર્ષ ૨૦૦૮ થી જય અંબે વિદ્યાભવન નામની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ગુજરાતમાં બરોડા, ભરૂચ, રાજપીપળા, સુરત, અંકલેશ્વર, બારડોલી, વ્યારા, નવસારી, વલસાડ, ધરમપુર, ભીલાડ, વાપી, ચીખલી વિગેરે મળી કુલ- ૧૮ સ્કુલો ચલાવે છે. વર્ષ - ૨૦૧૨ માં તેમની વાપીની સ્કૂલના લેન્ડ લાઈન પર મહેન્દ્ર પટેલ નામના શખ્સે ફોન કરીને કહ્યું કે, તમારી સ્કુલ બંધ કરી દો નહી તો હું તમારી સ્કુલ બંધ કરાવી દઈશ. અને હવેથી તમો સ્કુલમાં બાળકોના એડમિશન આપતા નહીં કહીને તેવુ ફોન મુકી દીધો હતો.

જેનાં થોડા સમય પછી મહેન્દ્ર પટેલ નવસારી જીલ્લાના ચીખલી ગામે આવેલ જય અંબે વિદ્યાભવન ખાતે ગવર્મેન્ટ ઓફ ગુજરાત લખેલ ગાડી લઈને ગયો હતો. અને સંસ્થાના ડોક્યુમેન્ટની ચકાસણી કરવા માંગતો હતો. ત્યારબાદ અલગ-અલગ ઉક્ત સંસ્થાઓ વિરૂધ્ધ લાગુ પડતી ડી.ઓ. કચેરીમાં આરટીઆઈ કરી સ્કુલના ડોક્યુમેન્ટ મેળવી લેતો હતો. બાદમાં ડોક્યુમેન્ટ અપૂરતા હોવાનું કહીને રૂપિયાની માંગણી કરતો હતો. જો કે વર્ષ - ૨૦૧૨ થી ૨૦૧૪ સુધી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે ઉક્ત સ્કુલને લગતાં ડોક્યુમેન્ટની પૂર્તતાની કાર્યવાહી શરૂ થઈ હતી. એટલે બંને પક્ષકારો પ્રવીણભાઈ અને મહેંદ્ર પટેલ હાજર રહ્યા હતા.

ત્યારે મહેન્દ્ર પટેલે અરજી પાછી ખેંચી લેવા પૈસાની માંગણી કરી હતી. આ તરફ વારંવાર ગાંધીનગર સ્થિત ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીના ધક્કા પોષાતા ન હોય પ્રવીણભાઈએ સંસ્થામાં ભણતા બાળકો તથા સ્કુલના શિક્ષકોનુ ભવિષ્ય ખરાબ ન થાય તેમ સમજી મહેન્દ્ર પટેલે માંગેલી રકમ આપી દેવા તૈયારી દર્શાવી હતી. જે અન્વયે તેમણે મહેંદ્રને તેના ચૌધરી સ્કૂલની સામે આવેલ સેકટર - ૭/ડીનાં ઘરે જઈને ૧૧ લાખ રોકડા આપ્યા હતા.

ત્યારે આટલેથી નહીં અટકેલા તોડબાઝ મહેન્દ્ર પટેલે અલગ અલગ જિલ્લામાં ચાલતી જય અંબે વિદ્યાભવન નામની સ્કુલો સામે પણ ખોટી અરજીઓ કરી રૂપિયાની માંગણી કરાઈ હતી. એટલે પ્રવીણભાઈ પાસેથી વર્ષ - ૨૦૧૫ થી ૨૦૧૭ દરમ્યાન કુલ ૬૬ લાખ મહેંદ્ર પટેલે ધાક ધમકીઓ આપી પડાવી લીધા હતા. તે પછી પણ મહેંદ્ર પટેલ વારંવાર વધુ રૂપિયાની માંગણી કરી પ્રવીણભાઈને લાંબા સમય સુધી જેલમાં ધકેલી દેવાની ધાક ધમકીઓ આપતો રહેતો હતો. બાદમાં પ્રવીણભાઈને માલુમ પડયું હતું કે, મહેંદ્ર પટેલ ગુજરાતની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી ઉક્ત મોડસ ઓપરેન્ડીથી તોડપાણી કરી રહ્યો છે. આખરે તેમણે ફરિયાદ આપતા સીઆઈડી ક્રાઈમ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### અત્યાર સુધીમાં કોર્પોરેશનમાં ૧૨ પાસ ઉમેદવારની ભરતી કરવામાં આવતી હતી

## ગાંધીનગર કોર્પોરેશને કલાર્કની ભરતીના નિયમમાં ફેરફાર કર્યો

### ૧૨ પાસની જગ્યાએ હવે સ્નાતક ઉમેવાદરની જ ભરતી કરવામાં આવશે આ પહેલા અમદાવાદ કોર્પોરેશન દ્વારા પણ આવા ફેરફાર કરવામાં આવ્યા હતા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

ગુજરાતની વિવિધ કોર્પોરેશનમાં ભરતી નિયમમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. ગાંધીનગર કોર્પોરેશને કલાર્કની ભરતીના નિયમમાં ફેરફાર કર્યો છે. ૧૨ પાસની જગ્યાએ હવે સ્નાતક ઉમેવાદરની જ ભરતી કરવામાં આવશે. આ પહેલા અમદાવાદ કોર્પોરેશન દ્વારા પણ આવા ફેરફાર કરવામાં આવ્યા હતા. ગુજરાતની વિવિધ કોર્પોરેશનમાં ભરતી નિયમમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં ગાંધીનગર કોપ ોરેશને કલાર્કની ભરતીના નિયમમાં ફેરફાર કર્યો છે. ૧૨ પાસની જગ્યાએ હવે સ્નાતક ઉમેવાદરની જ ભરતી કરવામાં આવશે.આ પહેલા અમદાવાદ કોર્પોરેશન દ્વારા પણ આવા ફેરફાર કરવામાં આવ્યા હતા. ગાંધીનગરમાં અત્યાર સુધીમાં કોર્પોરેશનમાં ૧૨ પાસ ઉમેદવારની ભરતી કરવામાં આવતી હતી.જો કે હવે કોર્પોરેશન દ્વારા ઉમેદવાર માટે ગ્રેજ્યુએશનની ડિગ્રી ફરજીયાત કરવામાં આવી છે. નવા નિયમ પ્રમાણે જે પણ ગ્રેજ્યુએટ હશે, તે નિયમ પ્રમાણે પરીક્ષા આપવા માટે અરજી કરી શકશે.આ નિર્ણય સ્ટેન્ડિંગ કમિટીમાં લેવામાં આવ્યો છે. આ સાથે જ લઘુતમ વય મર્યાદામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. ગ્રેજ્યુએટ નિયમ લાગતા વય મર્યાદા ૨૦ વર્ષથી વધારીને ૩૫ વર્ષ કરાઈ છે. જ્યારે ૧૨ પાસનો નિયમ હતો, ત્યારે તેની લઘુતમ વય મર્યાદા ૧૮ થી ૩૫ હતી.સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્તને મંજૂરી આપી દેવામાં આવી છે.હવે આગામી કલાર્કની ભરતી મનપા નવા નિયમ મુજબ કરાશે.

### બંધ ઘરને નિશાન બનાવતી મહિલા ચોર

## અરવલ્લી જિલ્લાના મોડાસામાં થી એક મહિલા ચોર ઝડપાઈ

। (એજન્સી) મોડાસા, તા.૨૮ ।

અરવલ્લી જિલ્લાના મોડાસામાંથી એક મહિલા ચોર ઝડપાઈ છે. જે બંધ ઘરને નિશાન બનાવીને તેમાંથી સોના અને ચાંદીના દાગીનાની ચોરી કરતી હોવાનું સામે આવ્યુ છે. એલસીબીની ટીમે મહિલાને ઝડપી લઈને વધુ તપાસ હાથ ધરી છે. મહિલા પાસેથી સોના અને ચાંદી ઘરેણાં સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. તસ્કરોના ત્રાસને લઈ અરવલ્લી જિલ્લામાં સ્થાનિકો પરેશાન બન્યા છે. સ્થાનિકોમાં વધતી જતી ચોરીઓને લઈ ચિંતા વ્યાપેલી છે. આ માટે માલપુરના મંગલપુરના સ્થાનિકો દ્વારા જિલ્લા કલેકટર અને પોલીસ અધિક્ષકને આવેદન પત્ર આપ્યુ હતુ. આ દરમિયાન મોડાસા એલસીબીએ બાતમી આધારે એક મહિલાને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી લીધી છે.

પોલીસ માટે હાલમાં તસ્કરીના બનાવો પડકારજનક બન્યા છે. ચોરીના ભેદ ઉકેલવા જરુરી બની ચુક્યા છે. આ માટે તસ્કરોને ઝડપી લેવા માટે ટીમોને સાબદી કરવામાં આવી છે. આ દરમિયાન એક ઘરફોડ ચોરીનો બનાવ ઉકેલાતા રાહત સર્જાઈ છે. જોકે પોલીસે હજુ વધુ ચોરીઓના ભેદ ઉકેલવાના બાકી છે. મોડાસા એલસીબીનો સ્ટાફ પેટ્રોલીંગમાં હોવા દરમિયાન જ એક બાતમી મળી હતી. બાતમીનુસાર એક મહિલા ચોરીના દાગીના અને તેની સાથે રહેલ સોના અને ચાંદીને પણ વેચવા માટે મોડાસા શહેરમાં જઈ રહી છે.

### વીઆઈપી એકાઉન્ટ ખોલાવવા માટે ૨ કરોડ રૂપિયાની માંગણી કરી હતી

## વડોદરાના વેપારી પાસેથી ૪ શખ્શોએ રૂા. ૮૨.૭૨ લાખની છેંતરપીંડી આચરી

### રોજના ૨ થી ૮ હજાર સુધી કમાઈ શકો છો તેવી લોભામણી લાલચ યુવતી દ્વારા આપવામાં આવી હતી

। (એજન્સી) વડોદરા, તા.૨૮ ।

વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં રહેતા એક વેપારીએ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓ તા. ૩૦ ડિસેમ્બરનાં રોજ વ્હોટ્એપ નંબર પરથી મેસેજ આવ્યો હતો. જેમાં જણાવ્યું હતું કે, હું ભારતમાંથી મિસ પૂજા બોલું છું. તેમજ હું હાલ એચસીએલ ડિજીટલ ટ્રાન્સફોર્મ કંપનીમાં કામ કરૂ છું. અમારા ઈન્ડિયામાં કામ કરૂ છુ. હું પ્રોજેક્ટ માટે તમારી સાથે કેટલીક માહિતી શેર કરવા માંગુ છું. અને તમે તમારી નોકરી છોડ્યા વગર ઘરે બેઠા કે ઓફિસથી આ પ્રોજેક્ટમાં જોડાઈ શકો છો. તેમજ તમે પાર્ટ ટાઈમ તેમજ ફુલ ટાઈમ કામ કરી શકો છો. જે બાદ મેં પાર્ટ ટાઈમ કામ કરવા માટે માહિતી માંગી હતી. જે બાદ મને મહિલાએ કહ્યું કે, ગૂગલ મેપ પર રિવ્યૂ આપવાના રહેશે. ગૂગલ મેપ પર જઈને ૫ સ્ટાર આપવાના રહેશે. જે બાદ એક કે બે મિનિટમાં તમારા નાણાં તમારા એકાઉન્ટમા UPI દ્વારા આપવામાં આવશે. તેમજ તમે રોજના ૨ થી ૮ હજાર સુધી કમાઈ શકો છો તેવી લોભામણી લાલચ યુવતી દ્વારા આપવામાં આવી હતી. ૫ સ્ટાર સ્ક્રીન શોર્ટ નંબર પર મોકલી આપ્યો હતો. જે બાદ સેલરી કોડમાં ૧૫૦ રૂપિયા જમા થયા હતા. શરૂઆતમાં મને ૨૪ જેટલા ટાસ્ક આપ્યા બાદ મને વિશ્વાસમાં લઈ ટાસ્ક માટે રૂપિયા લેવાનું શરૂ કર્યું હતું.

### મજૂરીકામ કરતા શખ્સે રસ્તા પર જતી કિશોરી સાથે કર્યા હતા અડપલા

## સિંગણપોર છેડતી વિવાદ : અંતે પોલીસે આરોપીને રાજસ્થાનથી દબોચ્યા

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

સુરતનાં સિંગણપોર વિસ્તારમાં કિશોરીની છેડતી મુદ્દે પોલીસ દ્વારા સીસીટીવીના આધારે આરોપીની અટકાયત હાથ ધરી છે. મજૂરીકામ કરતા શખ્શે રસ્તા પર જતી કિશોરી સાથે અડપલા કર્યા હતા. કિશોરીની છેડતી કરતા સીસીટીવી ફૂટેડ પણ સામે આવ્યા હતા. સિંગણપોર પોલીસે આરોપીની રાજસ્થાનથી અટકાયત કરી હતી. આરોપીની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. થોડા સમય પહેલા સિંગણપોર પોલીસ મથકની ૨૦૦ મીટર દૂર જ ધો. ૪ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીની રોડ પર છેડતી કરવામાં આવી હતી. જે બાદ સમગ્ર ઘટનાની સીસીટીવી વાયરલ થયા હતા. જેના આધારે વિદ્યાર્થીનીના પિતાએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ સમગ્ર ઘટનાના સીસીટીવી વાયરલ થયા બાદ પોલીસ દ્વારા તાત્કાલિક ધોરણે ફરિયાદ નોંધી હતી.

### બોર્ડની પરીક્ષા અગાઉ વિદ્યાર્થીઓનો ડર દૂર કરવાનો પ્રયાસ

## શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ની પ્રિ-બોર્ડ પરીક્ષાનું આયોજન

। ગાંધીનગર, તા.૨૮ ।

ગુજરાતમાં આગામી માર્ચ મહિનામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાની શરૂઆત થવાની છે. જે પહેલા વિદ્યાર્થીઓનો ડર દૂર કરવા ધોરણ ૧૦ની પ્રિ-બોર્ડ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યુ છે. બોર્ડની પદ્ધતિ મુજબ ૫ મુખ્ય વિષયોની પ્રિ-બોર્ડ પરીક્ષા લેવાઈ રહી છે. ગુજરાતમાં આગામી માર્ચ મહિનામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાની શરૂઆત થવાની છે. જે પહેલા વિદ્યાર્થીઓનો ડર દૂર કરવા ધોરણ ૧૦ની પ્રિ-બોર્ડ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યુ છે. બોર્ડની પદ્ધતિ મુજબ ૫ મુખ્ય વિષયોની પ્રિ-બોર્ડ પરીક્ષા લેવાઈ રહી છે. અમદાવાદ શહેરની ૫૫૨ જેટલી શાળાના ૪૬,૦૦૦થી વધારે વિદ્યાર્થીઓ પ્રિ બોર્ડ પરીક્ષા આપી રહ્યા છે. ૨૭ જાન્યુઆરીથી એટલે કે આજથી ૬ ફેબ્રુઆરી સુધી પ્રિ-બોર્ડ પરીક્ષા લેવાશે. ધોરણ ૧૦માં મહત્વના ગણાતા એવા ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી વિષયની પરીક્ષા લેવામાં આવશે. આગામી જાન્યુઆરી માસમાં શાળા કક્ષાએ પ્રિલિમ પરીક્ષાનું આયોજન થવાનું છે, જેની સાથે જ જિલ્લા શિક્ષણ વિભાગ આ પરીક્ષાનું સંચાલન કરશે.

## પુત્રના પ્રેમલગ્નની માતાને સજા, પેટ્રોલ છાંટી જીવતા સળગાવવાનો પ્રયાસ

### યુવતીના પરીવારજનો દ્વારા યુવકના ઘરે હુમલો કરવામાં આવ્યો હતો યુવકના ઘરે તેની માતા અને બેન પર પેટ્રોલ છાંટીને જીવતી સળગાવી દેવાનો પ્રયાસ કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ શહેરમાં પુત્રના પ્રેમ લગ્ન કરવા યુવતીને લઈ જતા તેની માતાને મોતની સજા આપવાનો પ્રયાસ કરાયો છે. અમરાઈવાડી વિસ્તારની આ ઘટના છે, જ્યાં એક યુવકે યુવતીને પ્રેમ લગ્ન કરવા માટે પોતાની સાથે ભગાડી લઈ ગયો હતો. જેને લઈ યુવકની માતાને જીવતી સળગાવી દેવાનો પ્રયાસ યુવતી ના સગાંઓએ કર્યો હતો.અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં એક યુવકે પ્રેમ લગ્ન કરવાના ઈરાદે યુવતીને ભગાડી ગયો હતો. જેને લઈ યુવતીના પરીવારજનો દ્વારા યુવકના ઘરે હુમલો કરવામાં આવ્યો હતો. યુવકના ઘરે તેની માતા અને બેન પર પેટ્રોલ છાંટીને જીવતી સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. જેને લઈ મહિલા શરીરે દાઝી જતા તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. એસીબી કૃણાલ દેસાઈએ બતાવ્યુ હતુ કે, આરોપીઓએ યુવકના ઘર પર હુમલો કરીને તોડફોડ કરી હતી. જેમાં કેટલાક પેટ્રોલ છાંટીને આંગ ચાંપીને ૨ મહિલાને એટલે કે યુવકની માતા અને બહેનને સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં માતા લલિતાબેન ગંભીર રીતે દાઝી ગયા હતા. જેને લઈ હત્યાના પ્રયાસનો ગુનો નોંધીને પોલીસે તપાસ શરુ કરી છે. ૨ આરોપીઓનેઝડપીલેવામાંઆવ્યાઅમરાઈવાડીમાં બંસીની ચાલીમાં રહેતા લલિતાબહેન યાદવના દીકરા અનિકેત ૨૪ જાન્યુઆરીના પડોશમાં રહેતી પ્રેમિકા રાની ચૌહાણને ભગાડીને લઈ ગયો હતો. જેથી રીનાના પરિવારજનો લલિતાબેન અને તેના પરિવારને ધમકી આપી રહ્યા હતા. ગત મોડી રાત્રે એક વાગે લલિતાબેન અને તેની દીકરી રીટા ઘરે સુતા હતા. ત્યારે રાની ચૌહાણના ભાઈ રાહુલ ચૌહાણ, કાકા વિનોદ ચૌહાણ અને પિતરાઈ ભાઈ મનીષ ચૌહાણ ઘરની બહાર આવીને તોડફોડ શરૂ કરી હતી અને ત્યાર બાદ લલિતાબેન અને તેમની દીકરી રીટા પર પેટ્રોલ છાંટીને જીવતી સળગાવીને હત્યાનો પ્રયાસ કર્યો. અમરાઈવાડી પોલીસે ગુનો નોંધીને રાહુલ ચૌહાણ અને મનીષ ચૌહાણની ધરપકડ કરી. પકડાયેલા બન્ને આરોપીઓ રાહુલ અને મનીષ ફાર્મસીના વિદ્યાર્થી છે. બહેન રાની પ્રેમમાં અંધ થઈને પ્રેમી સાથે ભાગી જતા ભાઈઓએ બદલો લેવા માટે અનિકેતની માતા અને બહેનને મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. બંસીલાલની ચાલીમાં અનિકેત અને રાની વચ્ચેના પ્રેમ સંબધની જાણ પરિવારમાં હતી.

## વિશેષ

### બોટાદની સ્વચ્છતા, અમારી અગ્રીમતા : બોટાદ જિલ્લા કલેક્ટરશ્રી

# બોટાદ પ્રાંત અધિકારીશ્રી ચરણસિંહ ગોહિલ અને જિલ્લા ભાજપ પ્રમુખ મયુર પટેલ દ્વારા બોટાદ નગરના સ્વચ્છતા સૈનિકોનું કરાયું સન્માન

### ૧૦૦ જેટલા સ્વચ્છતા સેનાનીઓને દાતાઓએ ભેટ અર્પણ કરી : સફાઈ સૈનિકોને વંદન કરી તેમની કામગીરી બિરદાવવામાં આવી

। (માહિતી બ્યુરો) બોટાદ ।

આપણાં બોટાદને રળિયામણું, સુંદર અને સ્વચ્છ બનાવવાની જહેમત ઉઠાવી રહેલા નગરના ૧૦૦થી વધુ સ્વચ્છતા સૈનિકોનું દાતાઓના માધ્યમથી બોટાદ પ્રાંત અધિકારીશ્રી ચરણસિંહ ગોહિલ તથા જિલ્લા ભાજપ પ્રમુખશ્રી મયૂરભાઈ પટેલના વરદહસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ અવસરે પ્રાંત અધિકારીશ્રીએ સફાઈ કામદારોની કામગીરીને બિરદાવતા જણાવ્યું હતુ કે, "બોટાદને સ્વચ્છ બનાવવાની જિલ્લા કલેક્ટરશ્રી ડો. જીન્સી રોયની નેમ છે અને આપણાં બોટાદને સ્વચ્છ રાખવા દિવસ-રાત મહેનત કરતા સફાઈ કર્મીઓ એ સાચા અર્થમાં સ્વચ્છતાના સૈનિકો છે. આપણે સૌએ તેમની કામગીરીને પ્રોત્સાહિત કરી તેમનો જુસ્સો વધારવો જોઈએ. આજે દાતાશ્રીઓના સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

બોટાદની નદીઓની સફાઈ કરતા કર્મીઓનું સન્માન કરી તેમને કપ સેટ અને વેક્યુમ ફલાસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું." આ અવસરે જિલ્લા ભાજપ પ્રમુખશ્રી મયૂરભાઈ પટેલે જણાવ્યું હતું કે, "તમામ સ્વચ્છતા સૈનિકોને હું વંદન કરું છું અને તેમની કામગીરીને બિરદાવું છું." આ અવસરે પ્રાંત અધિકારીશ્રીએ તમામ સફાઈ કર્મીઓ સાથે સંવાદ સાધ્યો હતો અને તેમને મૂંઝવતા પ્રશ્નો મુદ્દે માર્ગદર્શન આપ્યું હતું. પ્રાંત અધિકારીશ્રીએ ખાસ તમામ સફાઈ કર્મીઓને તેમની કામગીરી બદલ વંદન કર્યા હતા અને તમામને અનોખો જુસ્સો પ્રદાન કર્યો હતો. મધુમતી નદી વિસ્તારમાં યોજાયેલા સન્માન વિતરણ અવસરે દાતાઓ શ્રી સુનિલભાઈ ઢાંકણીયા, રસિકભાઈ મોરડીયા, હરિભાઈ કાકડીયા, પ્રવીણભાઈ ઢોલા, શંકરભાઈ ધોળું સહિત ભાજપ અગ્રણીઓ તથા જિલ્લા માહિતી અધિકારી શ્રી રાધિકાબેન વ્યાસ અને નાયબ મામલતદાર શ્રી અનિરુદ્ધસિંહ ડોડીયા, બટુકસિંહ ડાયમા અને નગરપાલિકાની સેનિટેશન શાખાનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહીને સ્વચ્છતા સૈનિકોને પ્રોત્સાહિત કર્યા હતા.







ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે આદિવાસી મહેમાનો, ટેબ્લોક્સ કલાકારો, ટ્રેક્ટર ડ્રાઈવરો, એનએસએસ સ્વયંસેવકો, એનસીસી કેડેટ્સ અને પ્રજાસત્તાક દિવસ પરેડ ૨૦૨૪ના અન્ય સહભાગીઓને મળ્યા હતાં.

## ન્યૂઝ બ્રિફ

### પીએમ મોદીએ બિહારની નવી સરકારને શુભેચ્છા પાઠવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

બિહારમાં રાજકીય ઉથલપાથલની અટકળો ફરી એકવાર સાચી સાબિત થઈ છે. રવિવારે સવારે નીતિશ કુમારે રાજ્યપાલ રાજેન્દ્ર અર્લેકરને પોતાનું રાજીનામું સોંપ્યું હતું. તેમણે રાજ્યપાલને કહ્યું કે તેમણે મહાગઠબંધનથી અલગ થવાનો નિર્ણય કર્યો છે. આ પછી સાંજ સુધીમાં તેમણે ભાજપના સમર્થન સાથે નવમી વખત મુખ્યમંત્રી પદના શપથ પણ લીધા હતા. પીએમ મોદીએ બિહારની નવી સરકારને શુભેચ્છા પાઠવી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક્સ પર લખ્યું હતું કે 'બિહારમાં રચાયેલી NDA સરકાર રાજ્યના વિકાસ અને તેના લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે કોઈ કસર છોડશે નહીં. @NitishKumarને મુખ્યમંત્રી અને સમ્રાટ ચૌધરી અને અને વિજય સિંહાને નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લેવા બદલ મારા હૃદયપૂર્વક અભિનંદન. મને વિશ્વાસ છે કે આ ટીમ રાજ્યના મારા પરિવારના સભ્યોની સંપૂર્ણ સમર્પણ સાથે સેવા કરશે.

### ગિલગિટ બાલ્ટિસ્તાનમાં હજારો નારાજ લોકો રસ્તા પર ઉતરી આવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

પાડોશી દેશ પાકિસ્તાનમાં બે દિવસથી રોટલી માટે તડપતા લોકોને અત્યારથી જ ભારે ફટકો પડ્યો છે. સરકારે સબસિડીવાળા ઘઉંના ભાવમાં વધારો કર્યો છે. જેના કારણે ગિલગિટ બાલ્ટિસ્તાનમાં હજારો નારાજ લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. ગુસ્સે ભરાયેલા લોકો ગિલગિટ-બાલ્ટિસ્તાનના તમામ જિલ્લાઓ અને શહેરોમાં રસ્તા પર ઉતરી આવ્યા હતા અને માત્ર રસ્તાઓ જ રોક્યા ન હતા પરંતુ શહેરોની તમામ દુકાનો બળજબરીથી બંધ કરાવી હતી. જેના કારણે સમગ્ર ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં જનજીવન થંભી ગયું છે. પાકિસ્તાનના પ્રસિદ્ધ અખબારના અહેવાલ મુજબ, ઘઉંના ભાવ વધારાના વિરોધમાં પ્રદર્શનકારીઓએ વિશાળ રેલીઓનું આયોજન કર્યું છે. વિરોધને કારણે ગિલગિટ, સ્કર્દુ, દિયામેર, ખૈસર, અસ્ટોર, શિઘર, ઘાંચે, ખરમંગ, હુન્ઝા અને શહેરના વિવિધ વિસ્તારોમાં દુકાનો, બજારો, રેસ્ટોરાં અને વેપાર કેન્દ્રો બંધ રહ્યા હતા. અહેવાલમાં જણાવાયું છે કે વિરોધીઓ દ્વારા ચક્કા જામના કારણે, ખાનગી અને સરકારી કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં હાજરી પણ ઓછી હતી અને લોકોને આવશ્યક ચીજવસ્તુઓ ખરીદવા અને મુસાફરી કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો.

### જ્ઞાનવાપી મસ્જિદનું નિર્માણ ભવ્ય મંદિરને તોડી પાડવામાં આવ્યું હતું : વિશ્વ હિંદુ પરિષદ

। (એજન્સી) વારાણસી, તા.૨૮ ।

વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદનો સર્વે રિપોર્ટ સામે આવ્યા બાદ નિવેદનોનો દોર શરૂ થઈ ગયો છે. વિશ્વ હિંદુ પરિષદના આંતરરાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ અને વરિષ્ઠ વકીલ આલોક કુમારે જણાવ્યું હતું કે જ્ઞાનવાપીમાંથી ASI દ્વારા એકત્રિત કરવામાં આવેલા પુરાવા પુષ્ટિ કરે છે કે મસ્જિદનું નિર્માણ ભવ્ય મંદિરને તોડી પાડવામાં આવ્યું હતું. મંદિરની રચનાનો એક ભાગ, ખાસ કરીને પશ્ચિમી દિવાલ, જે હિંદુ મંદિરનો ભાગ છે. અહેવાલ એ પણ સાબિત કરે છે કે સ્તંભો અને થાંભલાઓ સહિત પૂર્વ-અસ્તિત્વમાં રહેલા મંદિરના ભાગો, મસ્જિદના ગાળાને લંબાવવા અને સહનના બાંધકામમાં ફેરફાર સાથે પુનઃઉપયોગ કરવામાં આવ્યા હતા. મહત્વનું છે કે કાશીમાં જ્ઞાનવાપી કેસમાં સત્તાવાર અને નિષ્ણાત સંસ્થા ASIએ પોતાનો રિપોર્ટ જિલ્લા ન્યાયાધીશને સુપરત કર્યો છે. આલોક કુમારે કહ્યું હતું કે વજુખાનામાં જે શિવલિંગ છે તેમાં કોઈ શંકા નથી કે આ રચના મસ્જિદ જેવું પાત્ર નથી. તેમણે કહ્યું કે બંધારણમાં મળેલા શિલાલેખોમાં જનાર્દન, રુદ્ર અને ઉમેશ્વર સહિતના નામોની શોધ એ મંદિર હોવાનો સ્પષ્ટ પુરાવો છે. તેમણે એમ પણ કહ્યું કે ASI દ્વારા એકત્રિત કરવામાં આવેલા પુરાવા અને તારણો સાબિત કરે છે.

# 'પરીક્ષા પે ચર્ચા ૨૦૨૪' માટે ૨.૨૬ કરોડ થયા રજીસ્ટ્રેશન

## કેન્દ્રીય શિક્ષણ અને કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને "પરીક્ષા પે ચર્ચા ૨૦૨૪" ની તૈયારીઓની સમીક્ષા કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

'પરીક્ષા પે ચર્ચા ૨૦૨૪' માટે ૨.૨૬ કરોડ રજીસ્ટ્રેશન થયા છે. આ કાર્યક્રમ ૨૯ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે ITPOના ભારત મંડપમ ખાતે ટાઉન હોલ ફોર્મેટમાં આયોજિત કરવામાં આવશે. આ વખતે 'પરીક્ષા પે ચર્ચા'ની સાતમી આવૃત્તિનું આયોજન કરવામાં આવશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કાર્યક્રમની સમીક્ષા કરી અને આ દરમિયાન તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો બધા આ કાર્યક્રમની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.




અહીંયા તમને જણાવીએ કે PM નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ 'પરીક્ષા પે ચર્ચા' (PPC) એ પરીક્ષાઓ સાથે સંકળાયેલી ચિંતા અને સ્ટ્રેસને દૂર કરવા અને 'પરીક્ષા વોરિયર્સ'ની તૈયારીઓ સાથે સુમેળમાં રહીને જીવન પ્રત્યે ઉજવણીના દૃષ્ટિકોણને પ્રોત્સાહન આપવા માટે એક અનોખી પહેલ છે. છેલ્લા ૬ વર્ષથી શિક્ષણ મંત્રાલયના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા પરિક્ષા પે ચર્ચા કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવી રહ્યું છે. PPC એટલે કે પરીક્ષા પે ચર્ચા ની ચોથી આવૃત્તિ COVID-19 રોગચાળાને કારણે ઓનલાઈન કરવામાં આવી હતી. ત્યારબાદ પાંચમી અને છઠ્ઠી આવૃત્તિ ટાઉન-હોલ ફોર્મેટમાં યોજાઈ હતી. ગયા વર્ષની વાત કરીએ તો કાર્યક્રમમાં ૩૧.૨૪ લાખ વિદ્યાર્થીઓ, ૫.૬૦ લાખ શિક્ષકો અને ૧.૯૫ લાખ વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અત્યારની વાત કરીએ તો ૭મી આવૃત્તિ માટે સ્અ ર્ખ્દ્દ પોર્ટલ પર ૨.૨૬ કરોડ રજીસ્ટ્રેસન કરવામાં આવ્યું છે. જે સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓમાં વધારે ઉત્સાહને પ્રતિબિંબિત કરે છે. નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે ITPOનું ભારત મંડપમ ૨૯ જાન્યુઆરીએ ટાઉન હોલ ફોર્મેટમાં યોજાનારા આ પરિક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં લગભગ ૩૦૦૦ સહભાગીઓનું આયોજન કરશે. જેઓ વડાપ્રધાન સાથે વાતચીત કરશે અને મનના પ્રશ્નોનું સમાધાન કરશે.

દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાંથી બે વિદ્યાર્થીઓ અને એક શિક્ષક સાથે આર્ટ ફેસ્ટિવલના વિજેતાઓને આ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું છે. એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (EMRS)ના સો વિદ્યાર્થીઓ પ્રથમ વખત તેમાં ભાગ લેશે. ૧૧ ડિસેમ્બર ૨૦૨૩ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન my gov પોર્ટલ પર ઓનલાઈન MCQ સ્પર્ધામાં પ્રદર્શનના આધારે સહભાગીઓની પસંદગી કરવામાં આવી છે. પસંદ કરાયેલા સહભાગીઓને એક પરીક્ષા પે ચર્ચા કીટ મળશે. જેમાં વડાપ્રધાન દ્વારા લખાયેલા પરીક્ષા વોરિયર્સ પુસ્તક અને પ્રમાણપત્રનો પણ સમાવેશ થાય છે.

૧૨ જાન્યુઆરીથી ૨૩ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન સમગ્ર દેશમાં મેરેથોન દોડ, સંગીત અને મેમ સ્પર્ધાઓ, શેરી નાટકો અને વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચા જેવી વિવિધ શાળા-લેવલની ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૩ જાન્યુઆરીના રોજ ૭૭૪ જિલ્લાના ૬૫૭ કેન્દ્રીય વિદ્યાલયો અને ૧૨૨ નવોદય વિદ્યાલયોમાં પરીક્ષા વોરિયર્સ પુસ્તકમાં પરીક્ષા સંબંધિત વિષયો પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૬૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### બંને દેશો વચ્ચે સંબંધો-પરસ્પર સન્માન પર ભાર મૂક્યો

## માલદીવના રાષ્ટ્રપતિને યાદ આવી ભારત સાથેની સદીઓ જૂની મિત્રતા

। (એજન્સી) માલે, તા.૨૮ ।



માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુએ ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ગણતંત્ર દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી. તેમણે બંને દેશો વચ્ચે સંબંધો અને પરસ્પર સન્માન પર ભાર મૂક્યો. મુઈજ્જુએ કહ્યું કે માલદીવ અને ભારતની મિત્રતા વર્ષો જૂની છે. તેમણે કહ્યું કે બંને દેશ એકબીજા માટે મહત્વપૂર્ણ ભાગીદાર છે. તેમણે ભારત માટે શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિની કામના કરી.

અસલમાં આ નિવેદનને માલદીવના રાષ્ટ્રપતિ કાર્યાલયે બહાર પાડ્યું છે. મુઈજ્જુએ ભારતને ગણતંત્ર દિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે બંને દેશો વચ્ચે સારા સંબંધો અને પરસ્પર સન્માનને રેખાંકિત કર્યા છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે કે જ્યારે પ્રધાનમંત્રી મોદીના લક્ષદ્વીપ પ્રવાસની તસવીરો પર વિવાદ બાદ છેલ્લા કેટલાક સમયથી ભારત અને માલદીવના સંબંધોની ખટાશ ચરમસીમાએ છે. પરંતુ હવે આ તનાતની વચ્ચે રાષ્ટ્રપતિ મુઈજ્જુએ બંને દેશો વચ્ચે સંબંધોની દુહાઈ આપી છે. નોંધનીય છે કે માલદીવના નવા રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુની ભારત વિરોધી નીતિઓના કારણે ભારત અને માલદીવ વચ્ચેના સંબંધો વણસી ગયા છે. મુઈજ્જુએ રાષ્ટ્રપતિ ચૂંટણીના પ્રચાર પ્રસારમાં ભારત વિરોધી નારા લગાવ્યા હતા અને ઈન્ડિયા આઉટ કેમ્પેઈન શરૂ કર્યું હતું. તેનો હેતુ માલદીવમાંથી ભારતના પ્રભાવને ઓછો કરવાનો હતો.

### નિર્માણ સમયે જોવા આવતા હતા વાનરરાજ

## સોનાની છીણી-ચાંદીની હથોડીથી રામલલાના નેત્ર બનાવાયા હતા

### રામલલાની મૂર્તિના નિર્માણ દરમિયાન હનુમાનજી તેમને વાનરરાજના રૂપમાં જોવા માટે આવતા હતા

। (એજન્સી) અયોધ્યા, તા.૨૮ ।

અયોધ્યામાં નવા મંદિરમાં રામલલાના અભિષેક બાદ હવે મૂર્તિએ દિવ્યતા પ્રાપ્ત કરી છે. સંઘ સાથે સંકળાયેલા સંસ્કૃત અને સંગીતના આચાર્ય સુમધુર શાસ્ત્રી પથ્થરની મૂર્તિથી દેવતા બનવાની સફરના સાક્ષી રહ્યા છે. સુમધુરે મૂર્તિના નિર્માણ દરમિયાન બનેલી ચમત્કારિક ઘટનાઓ વિશે માહિતી આપી. તેમનો દાવો છે કે, રામલલાની મૂર્તિના નિર્માણ દરમિયાન હનુમાનજી તેમને વાનરરાજના રૂપમાં જોવા આવતા હતા. રામલલાની આંખો સોનાની છીણી અને ચાંદીના હથોડાથી કોતરવામાં આવી છે.



સુમધુર શાસ્ત્રી જણાવે છે કે, તેમણે ભગવાન રામલલાને પથ્થરના રૂપમાં દેખાતા જોયા છે. મૂર્તિના નિર્માણ દરમિયાન વાનર રાજા હનુમાનજીના રૂપમાં આવતા હતા અને દર્શન કરીને ચાલ્યા જતા હતા. આ ઘટના દરરોજ સાંજે ૫:૩૦ થી ૬:૦૦ વાગ્યાની વચ્ચે બનતી હતી. ૨૩ જાન્યુઆરીએ જ્યારે રામ લલ્લાનો અભિષેક કરવામાં આવ્યો હતો અને રામભક્તો માટે મંદિર ખોલવામાં આવ્યું હતું, તે દિવસે પણ હનુમાનજી રામ લલ્લાના દર્શન કરવા માટે વાનરરાજના રૂપમાં ગર્ભગૃહમાં આવ્યા હતા. તે લગભગ પાંચ મિનિટ સુધી રામલલાની પ્રતિમાને જોતો રહ્યો. થોડા સમય પછી તે ચુપચાપ રામ ભક્તોની વચ્ચે ઊભા રહ્યા અને પછી જતાં રહ્યા હતા. તેમણે જણાવ્યું કે, શિલ્પકાર અરુણ યોગીરાજને બાળક જેવી રામલલાની મૂર્તિ બનાવવામાં સાત મહિનાનો સમય લાગ્યો હતો. મૂર્તિની સૌથી ખાસ વાત એ છે કે જ્યારે તમે તેને જોશો તો તમે હસતા જોવા મળશે. ટ્રસ્ટે સ્થાવર પ્રતિમાના નિર્માણ માટે ત્રણ શિલ્પકારોની પસંદગી કરી હતી.

આખરે અરુણ યોગીરાજ દ્વારા પ્રતિમાનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટે તમામ શિલ્પકારોને સૂચના આપી હતી કે રામલલાની છબી બાળકના રૂપમાં હોવી જોઈએ. નખથી તાજ સુધીની લંબાઈ ૫૧ ઈંચ હોવી જોઈએ. બાળ-મૈત્રી પૂર્ણ છબી અને સ્મિત ઉભરી આવ્યું. સુમધુરે જણાવ્યું કે, મૂર્તિની આંખો ખાસ સમયે તૈયાર કરવામાં આવે છે. કર્મકુટીની વિધિવત પૂજા પછી આંખ બનાવવા માટે સોનાની છીણી અને ચાંદીના હથોડાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### મધદરિયે ફિશીંગ નેટમાં માછીમારનો પગ ફસાયો

। (એજન્સી) દ્વારકા, તા.૨૮ ।

અરબી સમુદ્રમાં ભારતીય કોસ્ટગાર્ડને દ્વારકાના માછીમારનો જીવ બચાવ્યો હતો. દ્વારકાથી ૪૦ નોટિકલ માઈલ દૂર દરિયામાં એક દુર્ઘટના બની હતી. કોસ્ટગાર્ડે ભારતીય માછીમારી બોટના ખલાસીનો જીવ બચાવ્યો હતો. એડવાન્સ લાઈટ હેલિકૉપ્ટર ધ્રુવની મદદથી ગંભીર ઈજાગ્રસ્ત માછીમારને એરલિફ્ટ કરાયા હતા. ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા મધદરિયે હેલિકોપ્ટર દ્વારા માછીમારનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા દ્વારકાથી લગભગ ૪૦ કિમી દૂર દરિયામાં માછીમારને બચાવી લેવાયો હતો. સિદ્ધેશ્વરી નામની બોટનો મનુ આલા મકવાણા નામના ૫૦ વર્ષીય ખલાસી સાથે આ દુર્ઘટના બની હતી. માછીમારની જાળ સંભાળતી વખતે તેમને ગંભીર ઈજા પહોંચી હતી. ફિશીંગ નેટના સ્ટીલના વાયર વચ્ચે માછીમારનો પગ ફસાયો હતો. ઈજાગ્રસ્ત માછીમારને બચાવવા માટે ઈન્ડિયન ગોસ્ટગાર્ડ મદદ આવ્યુ હતું. IFB સિધ્ધેશ્વરી જહાજમાં સવાર એક માછીમારને બચાવવા ઈન્ડિયન કોસ્ટગાર્ડ મદદે આવ્યુ હતું. રેડિયો ચેનલ ૧૬ પર SOS કૉલથી જાણ થતાં રેસક્યુની કામગીરી હાથ ધરાઈ હતી.

### ગાઢ ધુમ્મસ સૌથી મોટું નડતર

## ઠંડીમાં ઠુંઠવાયું ઉત્તર ભારત, તાપમાન 3 ડિગ્રી સુધી ગગડ્યું

### ધુમ્મસને કારણે રેલ અને હવાઈ સેવાઓ ગંભીર રૂપથી પ્રભાવિત : દિલ્હીમાં તાપમાન સામાન્યથી 3-૪ ડિગ્રી નીચું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

જાન્યુઆરીના અંતે પણ ઉત્તર ભારત કાતિલ ઠંડી અને ગાઢ ધુમ્મસની ચાદર હેઠળ છે. કેટલાક રાજ્યો તો કોલ્ડ ડેનો સામનો કરી રહ્યા છે. ધુમ્મસને કારણે વાહનવ્યવહારને ભારે અસર થઈ રહી છે...અનેક ફ્લાઈટ્સ મોડી પડી છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીનો ચમકારો વધ્યો છે. ખરા અર્થમાં શિયાળાનો અનુભવ થઈ રહ્યો છે, જેની પાછળનું કારણ છે ઉત્તર ભારતની ઠંડી...મોટાભાગના રાજ્યો અને ક્ષેત્રો કોલ્ડવેવની ઝપેટમાં છે. વહેલી સવારથી જ ગાઢ ધુમ્મસ છવાઈ જાય છે, અમુક ફૂટ દૂરનું જોઈ શકાતું નથી. શીતલહેરમાં લોકો ઠુંઠવાતા નજરે પડે છે. એકથી વધુ ગરમ કપડાં પહેર્યા વિના છૂટકો નથી. જ્યાં ત્યાં લોકો તાપણાનો સહારો લેતા નજરે પડે છે. હવામાન વિભાગનું માનીએ તો ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંડીગઢ અને દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૩થી ૬ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે છે. યુપીના કેટલાક ભાગો, ઉત્તર પશ્ચિમ રાજસ્થાન અને એમપીનું લઘુત્તમ તાપમાન ૭થી ૧૦ ડિગ્રી વચ્ચે છે. યુપીના કાનપુરમાં તો ગુરુવારે તાપમાન ૩ ડિગ્રી સુધી ગગડી ગયું. દિલ્લી તો સંપૂર્ણપણે ગાઢ ધુમ્મસમાં લપેટાઈ ગયું છે. જેના કારણે અનેક ફ્લાઈટ્સ અને ટ્રેનો મોડી પડી રહી છે. યાત્રિકો એરપોર્ટ અને રેલવે સ્ટેશનો પર આવ્યા બાદ અટવાઈ જાય છે... જો કે નજીકના સમયમાં લોકોને આ સ્થિતિથી રાહત મળી શકે છે.

હવામાન વિભાગનું માનીએ તો ઉત્તર ભારતમાં બે દિવસ બાદ લોકોને ગાઢ ધુમ્મસ અને શીત લહેરમાંથી રાહત મળી શકે છે. ૩૧મી સુધી ઉત્તર અને પશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થશે. હવામાન વિભાગે માવઠાંની પણ આગાહી કરી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ૩૧મી જાન્યુઆરી સુધી પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં હળવો વરસાદ અને હિમવર્ષાનું એલર્ટ છે.

### સેમ પિત્રોડાએ નેહરૂ-આંબેડકર પર કરી પોસ્ટ

## કોંગ્રેસ નેતા સેમ પિત્રોડા ફરી એક વાર વિવાદોમાં ઘેરાયા છે

### પિત્રોડાએ પોતાનું ટ્વિટ તો ડિલીટ કરી દીધું, પણ ભાજપે તેમના માધ્યમથી આખી કોંગ્રેસને ઘેરી લીધી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

કોંગ્રેસ નેતા સેમ પિત્રોડા ફરી એક વાર વિવાદોમાં ઘેરાયા છે. બંધારણ ઘડતરમાં આંબેડકરની સરખામણીમાં નહેરુનું યોગદાન વધુ હોવાનો દાવો કરીને પિત્રોડાએ નવો વિવાદ છેડ્યો છે. પિત્રોડાએ પોતાનું ટ્વિટ તો ડિલીટ કરી દીધું, પણ ભાજપે તેમના માધ્યમથી આખી કોંગ્રેસને ઘેરી લીધી. કોંગ્રેસના નેતા સેમ પિત્રોડા ભલે અમેરિકામાં રહેતાં હોય, પણ તેમના નિવેદનો કે પોસ્ટને કારણે સમયાંતરે ભારતમાં વિવાદ થતો રહે છે. અયોધ્યાના રામ મંદિર પર વિવાદિત નિવદન બાદ પિત્રોડા ફરી ચર્ચામાં છે. કારણ છે તેમનું આ ટ્વિટ. જેમાં તેમણે દાવો કર્યો છે કે બંધારણના ઘડતરમાં આંબેડકર કરતાં નહેરુનું યોગદાન વધુ હતું. પિત્રોડાએ લખ્યું છે કે બંધારણ અને તેની પ્રસ્તાવનામાં વધુ યોગદાન કોનું છે? નહેરુનું, નહીં કે આંબેડકરનું. બાબા સાહેબે આપેલું બંધારણ, ડોક્ટર આંબેડકર ભારતીય બંધારણના પિતા છે, તે આપણા દેશના



આધુનિક ઈતિહાસનું સૌથી મોટું જુઠ્ઠાણું છે. જો કે ભાજપે સ્વાભાવિ રીતે જ પિત્રોડાના માધ્મયમથી સમગ્ર કોંગ્રેસને ઘેરવાનો પ્રયાસ કર્યો. ભાજપે આ શબ્દો પિત્રોડાના નહીં પણ કોંગ્રેસના હોવાનો અને આંબેડકરને સતત અન્યાય કરવાનો કોંગ્રેસ પર આક્ષેપ કર્યો. મહત્વની વાત એ છે કે પિત્રોડાએ રાજકીય વિશ્લેષક સુધીન્દ્ર કુલકર્ણીની પોસ્ટનો હવાલો આપીને આ પોસ્ટ કરી હતી. જો કે વિવાદ વધતાં પિત્રોડાએ પોતાની પોસ્ટ દૂર કરી દીધી.

## તંત્રી લેખ...

# જીવનમાં દિવ્યતા લાવવા માટે શ્રીરામનું આચરણ સર્વોત્તમ

મર્યાદા એ જીવનનો સૌથી મોટો ગુણ પણ છે અને અનુશાસન પણ છે. તેના વગર જીવનનું કોઈ મૂલ્ય નથી. શ્રીરામની મહાનતા અને સર્વ વ્યાપકતાનું કારણ આ જ છે. રામ એક જાતિ, પંથ કે મજહબના નહીં, પૂરી માનવતાના છે. તેથી ભક્ત કહે છે - રામ મારાં માતા પણ છે પિતા પણ, સ્વામી પણ છે સખા પણ અને બંધુ પણ છે પરમાત્મા પણ. હું રામ સિવાય ના કોઈને જાણું છું, ના જાણવા માગું છું. એવા પ્રભુ શ્રીરામની જન્મદાત્રી અયોધ્યા સાત મોક્ષદા પુરીઓમાં પ્રથમ છે. રઘુકુળની પરંપરા અને શ્રીરામની મર્યાદાએ તેને વિશ્વવંદનીય બનાવી. ભગવાન રામ એ અયોધ્યાના રાજકુમાર છે જ્યાં યુદ્ધ નહોતાં થતાં અને એ અવધના નૃપતિ છે જ્યાં કોઈનો વધ નહોતો થતો! યુદ્ધ કરવું તેમનો સ્વભાવ નહીં, વિવશતા છે. તેમનો સ્વભાવ તો માનવતાની રક્ષા કરવાનો છે, જે સૌથી મોટો ધર્મ છે અને કર્મ પણ. તેથી શ્રીરામ ધર્મની પ્રતિમૂર્તિ છે. તેઓ ભારતીય સંસ્કૃતિના આધાર છે. તેમનું ચરિત્ર ભારતનું ચરિત્ર છે. હવે તે વિશ્વનું ચરિત્ર હોવું જોઈએ. જીવનમાં દિવ્યતા લાવવા માટે શ્રીરામનું આચરણ સર્વોત્તમ પાથેય છે. સંસ્કારોની ઉત્તમ પાઠશાળા છે, જેને વાંચીને જીવનનો કોઈ પાઠ બાકી નથી રહેતો. શ્રીરામ આત્માનો મંગલ ધ્વનિ છે, જેનાથી દરેક શ્વાસ પવિત્ર થઈ જાય છે અને જીવનનાં ચારે ફળ પ્રાપ્ત થઈ જાય છે. રામ માત્ર નામ નથી, મંત્ર છે જે જીવન જ નહીં, મૃત્યુને પણ પાવન કરી દે છે. દેશવાસી એક વાર ફરીથી પ્રભુ શ્રીરામના અવતરણના સાક્ષી બન્યા. હવે એ દિવસ દૂર નથી જ્યારે રામરાજ્યનું સપનું પણ સાકાર થશે. જો શ્રીરામ બધાના આચરણમાં અવતરિત થઈ જાય તો ધરતીનો કણ-કણ અયોધ્યા અને દરેક માનવ રામ બની જશે. ૨૨મી જાન્યુઆરીનો દિવસ માત્ર રામભકતો જ નહીં પણ દરેક ભારતીય માટે ઐતિહાસિક, અભૂત પૂર્વ અને અવિસ્મરણીય હતો, કારણ કે ૫૦૦ વર્ષોની જે ઘડીની રાહ જોવાઈ રહી હતી તેનો ગઈ કાલ અંત આવ્યો હતો અને ભગવાન રામ ગર્ભ ગૃહમાં બિરાજમાન થયા હતાં. ગઈકાલે આખો દેશ રામના નારાથી ગુંજી રહ્યો હતો. પરંતુ આપણે બધા જાણીએ છીએ કે ભગવાન રામને મર્યાદા પુરુષોત્તમ કહેવાય છે. આવો આજે આ આર્ટિકલમાં ભગવાન શ્રીરામમાં એવા ક્યા ગુણો હતા કે તેમને મર્યાદા પુરુષોત્તમ કહેવામાં આવતા હતા. અયોધ્યામાં રામમંદિરમાં રામલલ્લાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભારતના પ્રમુખ તહેવાર જેમ ઉજવાઈ રહ્યો છે. સદીઓ પછી પહેલીવાર ભારતવર્ષ રામના ભક્તિપ્રલયમાં તણાઈ રહ્યું છે...! રામના વ્યક્તિત્વનો ભારતીય જનજીવનના પર ઘેરો પ્રભાવ છે. પોતાની જિંદગી અનેક પ્રકારના સંઘર્ષમાં વીતાવી હોવા છતાં રામ ભારતીય પ્રજા માટે આદર્શ છે. એક રાજકુમાર હોવા છતાં એમણે સામાન્ય મનુષ્ય ભોગવે એનાથી પણ અધિક દુ:ખો ભોગવ્યા છે.

### કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય, યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે

## નહેરુ યુવા કેન્દ્ર અમદાવાદ દ્વારા આયોજિત ૧૫મા આદિવાસી યુવા વિનિમય કાર્યક્રમનો સમાપન સમારંભ યોજાયો

### યુવાનોએ પણ દેશમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે પોતે જ વિકાસના પથ પર આગળ વધવું જોઈએ : DCP શ્રી સફિન હસન

મિતેષ સોલંકી

| (પ્રાદેશિક માહિતી કચેરી ) અમદાવાદ |

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય, યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે નહેરુ યુવા કેન્દ્ર અમદાવાદ દ્વારા આયોજિત ૧૫મા આદિવાસી યુવા વિનિમય કાર્યક્રમનો સમાપન સમારંભ અમદાવાદ ખાતે યોજાયો હતો. જેમાં ઝારખંડ અને ઓરિસ્સાના નવ જિલ્લાના કુલ ૨૦૦ યુવાનો તારીખ ૨૧/૧/૨૦૨૪થી ગુજરાતના ૧૫મા આદિવાસી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ માટે આવેલ છે. જેના સમાપન કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત યોગ બોર્ડના ચેરમેન શ્રી શિશપાલજી અને અમદાવાદ પૂર્વ ટ્રાફિક ઝોન ઢઝઁ શ્રી સફીન હસન ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગુજરાત યોગ બોર્ડના ચેરમેન શ્રી શિશપાલજીએ જણાવ્યું હતું કે, ઝારખંડ અને ઓડિશાથી ૧૫મા આદિવાસી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમમાં ૭ દિવસ માટે આપ સૌ ભાગીદાર બન્યા તેનો ખૂબ જ આનંદ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ જીવન એ ખૂબ જ અમૂલ્ય છે તો તમામ યુવાનોએ જીવનભર કંઈક ને કંઈક અવનવી બાબત શીખતા રહેવી જોઈએ અને દેશના વિકાસમાં ભાગીદાર બનવા માટે તત્પર રહેવું જોઈએ, તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વ્યક્તિ સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરે તે માટે જીવનમાં યોગનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે માટે નિત્યક્રમ યોગ કરતા રહેવું જોઈએ. સાથે જ યોગ થકી સ્વાસ્થ્યને માનસિક તેમજ શારીરિક રીતે સમૃદ્ધ બનાવી શકાય છે, જેથી સ્વાસ્થ્ય સારું હશે તો કોઈ પણ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી શકીશું, તેમ તેમણે ઉમેર્યું હતું.

અંતે તેમણે નેહરુ કેન્દ્ર યુવા તેમજ ઉપસ્થિત તમામ યુવાનોને શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે ટ્રાફિક પોલીસ ઢઝઁ સફિન હસને જણાવ્યું હતું કે, ઝારખંડ અને ઓડિશાથી આવેલ તમામ યુવાઓએ ગુજરાતની મુલાકાત લીધી તે બદલ તેમનો આભાર વ્યક્ત કરું છું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આપ સૌ દેશનું ભવિષ્ય છો, અને જેમ તમે આદિવાસી સંસ્કૃતિને જાળવી રાખી છે અને અન્ય રાજ્યોમાં જઈને પોતાની સંસ્કૃતિને દર્શાવતા અનેક કાર્યક્રમો થકી સમાજને કંઈક સારું શીખવો છો, તે સરાહનીય છે તે બદલ હું અભિનંદન પાઠવું છું, તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીજીએ દેશનો વિકાસ કરવા માટે દાંડીયાત્રા થકી વિશ્વભરમાં ક્રાંતિ લાવી હતી. જેમ એક વ્યક્તિના પ્રયત્નથી અનેક લોકો જોડાતા જાય છે, તેવી જ રીતે આપ સૌ યુવાનોએ પણ દેશમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે પોતે જ વિકાસના પથ પર આગળ વધવાનું છે, તેમ તેમણે ઉમેર્યું હતું. અંતે તેમણે સાત દિવસીય કાર્યક્રમમાં વિજેતા થયેલ યુવાનોને અભિનંદન પાઠવ્યા હતા અને પારિતોષિક વિતરણ કર્યા હતા. આ કાર્યક્રમમાં યુવાનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ગુજરાતમાં વિતાવેલ સાત દિવસ અંગે પોતાના અભિપ્રાયો રજૂ કરાયા હતા. આ કાર્યક્રમમાં નહેરુ યુવા કેન્દ્ર સંગઠન ગુજરાત રાજ્ય નિર્દેશક શ્રીમતી મનીષાબહેન શાહ, નહેરુ યુવા કેન્દ્રના નાયબ નિયામક શ્રી દુષ્યંત ભટ્ટ, નેહરુ યુવા કેન્દ્ર જિલ્લા અધિકારી શ્રી પ્રીતેશકુમાર ઝવેરી, તેરાપંથ સંસ્થાના અધ્યક્ષ શ્રી સજ્જનલાલ સંઘવી તેમજ વિવિધ રાજ્યોમાંથી આવેલ યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રભુ શ્રી રામના પિતા અને સૂર્યવંશી રાજા દશરથ રામરાજ્યના પ્રણેતા છે



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને એક અઠવાડિયાનો સમય ક્યાં ચાલ્યો ગયો એ ખબર પણ ન પડી! વળી પાછી રોજીંદી ઘટમાળ શરૂ થઈ. ટૂંકમાં પહેલાનો સમય સારો કે અત્યારનો સમય સારો? અને જો પહેલાનો સમય સારો હોય તો કઈ રીતે ખામીઓ દૂર કરી શકાય? કોઈપણ માનવી સર્વગુણ સંપન્ન નથી હોતો નથી, એટલે પહેલાના સમયમાં પણ બધા જ સારા હતાં, કે બધું સારું હતું એવું નહોતું, અને આજે પણ બધા આંધળુંકિયું કરવાવાળા છે, એવું પણ નથી. પરંતુ અત્યારના પ્રમાણમાં પહેલાના સમાજમાં નીતિમત્તા વધારે હતી, એ વાતમાં કોઈ બેમત નથી. આજે આપણે જો થોડા ઘણા પોતાની જાતને જાગૃતિ રાખી સાચવી શક્યા હોય, તો જ્યારે સામાજિક પતન જોઈએ, તો આપણને સ્વાભાવિક પણે કરુણાનો ભાવ થાય, અને જો આપણે કાંઈ ન કરી શકતા હોઈએ તો, પીડા પણ થાય! કે અરરર શું થવા બેઠું છે? અત્યારે ભારતીય સમાજમાં પુરાતન સંસ્કૃતિ ઉજાગર કરવા કેટલી મહેનત થાય છે. સંસ્કૃતિ તો આપણે તેનું આચરણ કરીશું તો જ ઉજાગર થશે! એ વાત નિશ્ચિત છે. ઈતિહાસમાં પણ એવા ઘણા પાત્રો છે, એમને એમના સમયમાં કોઈ જાતની ખ્યાતિ, પ્રસિદ્ધિ, કે માન, મળ્યું નહીં, છતાં તેમણે પોતાનું કર્તવ્ય સમજી સમાજ તરફ કરુણા દૃષ્ટિ રાખી અને તેના ઉદ્ધાર માટેના કાર્યો કર્યા. રામરાજ્યની આશા રાખીએ છીએ તો રામરાજ્યના પ્રણેતા વિશે થોડું જાણીએ.

રામાયણ વિશે થોડું પણ જાણનારા સૌ કોઈ જાણતા હશે કે રાજા દશરથ ભગવાન શ્રી રામના પિતા હતાં. પરંતુ એનાથી વધુ સુંદર એનો ઈતિહાસ છે, જે આપણને એમના તરફ આકર્ષિત કરે છે. આપણે સૌ રામરાજ્ય રામરાજ્ય ની વાતો કરીએ છીએ, પરંતુ હકીકતમાં દશરથ રાજા પણ પ્રજાપ્રિય હતાં અને તે પણ પોતાના રાજ્યની પ્રજાની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ રહેતા હતા, અને એટલે જ પિતાના લક્ષણ પુત્રમાં આવ્યા,અને તેમણે પણ પોતાના શાસનકાળ દરમિયાન પ્રજાની સુખાકારી પર ભાર મુકયો, તો ચાલો રાજા દશરથ વિશે થોડું જાણીએ. ત્રેતાયુગમાં એટલે કે નવ હજાર વર્ષો પૂર્વે ગંગા નદીની ઉત્તર દિશામાં વહેતી સરયૂ નદીના કિનારે કૌશલ નામનું વિશાળ રાજ્ય હતું. તે ધન-ધાન્યથી ભરપૂર, સુખી અને સમૃદ્ધ હતું.

અયોધ્યા તેની રાજધાની હતી, ત્યાં રાજા દશરથ રાજ્ય કરતા હતા. સૂર્ય ભગવાનના વંશજ અને દશરથના પૂર્વજ મનુએ અયોધ્યાનગરી વસાવી હતી. મનુનો વંશ ઈક્ષ્વાકુ વંશ, સૂર્યવંશ અને રઘુવંશના નામથી ઓળખાતો હતો. આ વંશમાં મનુ, સગર, રઘુ, દિલીપ અને અજ જેવા પ્રતાપી રાજાઓ થઈ ગયા હતા. અજ અને વિદર્ભના રાજાની પુત્રી ઈન્દુમતીના પુત્ર એટલે રાજા દશરથ. રાજા દશરથ વિદ્વાન, નીતિવાન, બુદ્ધિમાન અને શૌર્યવાન હતા. તે એકલે હાથે દસ હજાર મહારથીઓને હરાવી શકતા, તેથી તેમને ‘અતિરથી’ તરીકે પણ ઓળખવામાં આવતા હતા. એમની પાસે ધનના દેવતા કુબેર જેટલી સંપત્તિ હતી.એમનાં અમાપ બળ, બુદ્ધિ અને સમૃદ્ધિને કારણે તે ત્રણેય લોકમાં પ્રસિદ્ધ હતા. તે પ્રજાની સુખાકારીનું હંમેશાં ધ્યાન રાખતા, તેથી અયોધ્યાની પ્રજા એમને ખૂબ ચાહતી હતી. દશરથના રાજ્યમાં એક પણ નાગરિક દુઃખી કે નિર્ધન નહોતો. ધૃષ્ટ, જયંત, વિજય, સુરાષ્ટ, રાષ્ટવર્ધન, અકોપ, ધર્મપાલ અને સુમંત્ર એ આઠ બુદ્ધિશાળી મંત્રીઓ દશરથ રાજાને રાજ્ય વહીવટમાં મદદ કરતા હતા. સુમંત્ર અર્થશાસ્ત્રના વિદ્વાન હતા.સુયજ્ઞ, જાબાલિ, કશ્યપ, ગૌતમ, માર્કણ્ડેય અને કાત્યાયન જેવા ઋષિઓ પણ રાજાના મંત્રીમંડળમાં સામેલ હતા. આ બધા મંત્રીઓ શત્રુપક્ષના રાજાઓની રોજેરોજની હિલચાલો ઉપર સતત નજર રાખતા હતા. આ બધા મંત્રીઓની કાબેલિયત, વિદ્વત્તા અને ન્યાયપરાયણતાને લીધે દશરથ રાજા સુખ, સંપત્તિ અને ઐશ્ર્વર્ય ભોગવી રહ્યા હતા. મહર્ષિ વસિષ્ઠ અને વામદેવ દશરથ રાજાના મુખ્ય રાજપુરોહિતો હતા.આ બધી માહિતી તો ઈતિહાસ મુજબ છે, જે સૌ કોઈ પ્રાપ્ત કરી શકે. આ ઉપરાંત રાજા દશરથને પરિવારમાં મુખ્ય ત્રણ રાણી હતી કૌશલ્યા, કૈકેયી, અને સુમિત્રા. રાજા દશરથને સંતાનમાં એક પુત્રી થઈ હતી, અને તેનું નામ શાંતા હતું, પરંતુ પુત્ર નહોતાં, અને એની વ્યાધિ તેને કોરી ખાતી હતી કે, મારી પછી, મારા આવડાં મોટા સમૃદ્ધ રાજ્યની રાજગાદી પર કોણ રાજ્ય કરશે? જોકે રામાયણમાં પુત્રી વિશેનો કોઈ ઉલ્લેખ મળતો નથી. આ વ્યાધિ તેમને પોતાના કુલગુરુ વશિષ્ઠ ઋષિને જણાવી અને તેમણે તેને પુત્રકામેષ્ટિ યજ્ઞ કરવા કહ્યું. રાજાએ તેના કુલગુરુ ઋષિ વસિષ્ઠના કહેવા અનુસાર પોતાના જ જમાઈ એવા ઋષિ ઋષ્યશૃગ એટલે કે શૃંગી ઋષિ, પાસે આ યજ્ઞ કરાવ્યો.યજ્ઞના અંતે સાક્ષાત અગ્નિદેવ હાથમાં ચરુ લઈને પ્રગટ થયા. આ કથાથી આપણે સૌ પરિચિત છીએ, અને ત્યારબાદ એ પ્રસાદનો પોતાની રાણીઓમાં વિભિન્ન રીતે વિભાજન કર્યું. ત્રણે રાણીઓ એ પ્રસાદનો ભાવ પૂર્વક સેવન કર્યું, અને સમયાંતરે ત્રણેને ત્યાં ચાર પુત્રોનો જન્મ થયો, જે અનુક્રમે રામ, ભરત, લક્ષ્મણ, અને શત્રુઘ્ન નામે ઓળખાયા.

રાજા દશરથ અત્યંત શક્તિશાળી અને બુદ્ધિશાળી પ્રતિભા ધરાવતા હતાં, તેમણે પોતાના સમયકાળ દરમિયાન ઈન્દ્ર સાથે ભીષણ યુદ્ધ કર્યું હતું, અને એમાં પણ તેમને વિજય પ્રાપ્ત કર્યો હતો, અને ત્યારે જ રાણી કૈકેયી એ તેમને આ યુદ્ધ વિજયમાં મદદ કરી હતી. તો આટલી મોટી પ્રસિદ્ધિ પામનારા પણ વિધિના લેખ પોતાની રીતે મીટાવી શક્યા નહીં, અને છેક પાછલી અવસ્થામાં પુત્રો પ્રાપ્ત થયાં.રામ એ કેવળ સંતાન તરીકે ન જોઈએ તો, રામ તત્વ પ્રાપ્ત કરવા માટે ઉમરનું બંધન નડતું નથી એવું પણ એ પરથી ચિંતન કરી શકાય,અને એજ સાચું છે. ઉંમરની અવસ્થા આવે ત્યારે ઈન્દ્રિયો શિથિલ થઈ જાય, અને શરીર પોતાનું ધાર્યું કાર્ય કરી શકે નહીં, ત્યારે પીડા થાય. કોઈવાર સમય હતો ત્યારે ન કર્યું તેનો પસ્તાવો પણ થાય, અને સતત જવાબદારીમાં કોઈ વસ્તુ ભોગવી ન શક્યા હોય તો એનો રંજ પણ થાય. અંતરમાં રામ તત્વ જન્મે તો જીવન સંભળી જાય. જોકે રામ તત્વ જન્મવા માટે અવસ્થા થવી એવી કોઈ જરૂરત નથી,એ તો ગમે તે ઉંમરે જન્મે! શુભ મંગલકર્તા જ છે. પરંતુ એક વાત થવી બહુ જરૂરી છે, અને એ છે ગ્લાનિ! એટલે કે પીડા, જે ઘણીવાર પસ્તાવા રૂપે પણ થઈ શકે, કે અરરર આ મેં શું કર્યું? અરરરર સમય ચાલ્યો ગયો અને મેં કંઈ ન કર્યું! કે પછી શું હું આમ જ ચાલ્યો જઈશ! પીડા એટલે હાથ પગ માથું દુખે અને થાય, માત્ર એને જ પીડા કહેવાતી નથી.


ક્યારેક-ક્યારેક તો એનાથી પણ વધુ પીડા માનવી અનુભવતો હોય છે, અને એમાં પણ જ્યારે સંબંધોમાં વિશ્વાસ ઘાત કે દગો થાય, ત્યારે તો અત્યંત પીડા થાય છે. શરીરના કોઈપણ અંગ પરનો ઘાવ, દવા અને મલમથી સમયે રુઝાઈ જાય છે, પરંતુ આવી પીડા તો અંતરમાં રામ તત્વના જન્મ થયા વગર કયારેય મટતી નથી. મોટેભાગે અંતરમાં રામ તત્વ પ્રગટ થયું છે, કે નહીં! તેનો અનુભવ સ્વભાવમાં સરળતા આવે, બુદ્ધિમાં સમજણ આવે ,અને શરીરમાં સહનશીલતા વધે, આ ઉપરાંત મર્યાદા અને શીલ મુજબ જીવાય ત્યારે સમજવું કે રાજા દશરથના આંગણાનો એ શ્રીરામ આપણા હૃદયમાં જન્મી ચૂક્યો છે. તો પરબ્રહ્મ સ્વરૂપે શ્રી રામના પિતા દશરથ એ એ રામના જન્મ માટે અનિવાર્ય કહી શકાય એવું રામાયણનું પાત્ર છે. કારણકે જો એને ગ્લાનિ ન થઈ હોત તો પ્રભુ શ્રી રામનો જન્મ થયો ન હોત! એટલે રામાયણમાં રાણી કરતા પણ રાજા દશરથની ગ્લાનિ વધુ કારણભૂત છે, એવું કહી શકાય. આપણે પણ અત્યારે વિવિધ પ્રકારની પીડા માંથી પસાર થઈ રહ્યા છીએ,અને એ તમામ પીડાની એક માત્ર દવા છે, કે અંતરમાં રામ તત્વનો જન્મ થાય તો જ આ પીડા સમાપ્ત થાય. માટે ગુરૂ વશિષ્ઠ રૂપી સદગુરુ આપણને સદબુદ્ધિ આપી રહ્યા છે, કે રામ તત્વ પ્રગટ થાય એ માટે આપણા વીતેલા જીવનનો પસ્તાવો કે પીડા થવી બહુ જ જરૂરી છે, અને તો જ ત્યાં આગળ રામ તત્વ જન્મી શકે! આપણે સૌ સૂર્યવંશી રાજા દશરથની જેમ ગ્લાનિ અનુભવીએ, અને ત્યારબાદ યજ્ઞ જેવું જીવન બનાવી રામ તત્વ ને અંતરમાં જન્મ લેવા મનાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# જે માનવ જીવ પાણી અને વાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરે તે ક્યારેય દુઃખી થતો નથી

**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા





જળ એટલે કે પાણી. જળ એ સૃષ્ટિને મળેલી અમૂલ્ય ભેટ છે. જળ એ જ જીવન છે એમ કહીએ તો પણ સહેજે અતિશયોકિતભર્યુ નથી. માનવ, પશુ-પક્ષી, વૃક્ષો તેમજ આ સમગ્ર જીવસૃષ્ટી માટે પાણી એ અનિવાર્ય છે. આ પૃથ્વી પરના સમગ્ર જીવસૃષ્ટી માટે પાણી એ અમૃત સમાન છે. હા ખોરાક વિના થોડોક સમય સુધી ચલાવી શકાય પરંતુ જળ વિના જીવવુ અશકય છે. પાણી માનવ જીવનના તમામ પાસાઓ સાથે તથા સમગ્ર સૃષ્ટિ સાથે સંકળાયેલું છે કુદરતના વિકાસમાં પાણીનું મોટું યોગદાન છે. પાણી અમુલ્ય જિંદગી છે.આખું જગત એ વિરાટ પુરુષનું સ્વરૂપ છે. વિરાટ પુરુષનું ધ્યાન કરવા તીવ્ર વૈરાગ્ય ની જરૂર છે. આખું જગત બ્રહ્મરૂપ છે, તેમ માની જ્ઞાની પુરુષો લલાટ માં બ્રહ્મનાં દર્શન કરે છે. વૈષ્ણવો હૃદયમાં ચતુર્ભુજ દ્વારિકાનાથનાં દર્શન કરે છે.

પ્રભુના એક અંગનું ચિંતન એનું નામ ધ્યાન,પ્રભુના સર્વાંગનું ચિંતન એ ધારણા. દાસ્યભક્તિથી હૃદય જલદી દીન બનશે. પ્રથમ ભગવત ચરણારવિંદનું ખૂબ ધ્યાન કરવું. ત્યાર પછી મુખારવિંદનું ધ્યાન કરવાનું છે. તે પછી સર્વાંગનું ધ્યાન. સાધક સાવધાન થઈ ધ્યાન કરે, તો સમજાશે કે માયામાં જે શક્તિ છે તે ખોટી છે. ઈશ્વરનું ચિંતન ન થાય તો વાંધો નહીં, પણ સંસારનું ચિંતન કરશો નહીં. ઈશ્વર નું ધ્યાન ન થાય તો વાંધો નહીં, પણ સંસારનું ધ્યાન છોડવાની ટેવ પાડજો. ધ્યાન વગર ઈશ્વરના સાક્ષાત્કાર થતો નથી. જેવું પૈસાનું ધ્યાન કરો છો, તેવું પરમાત્માનું ધ્યાન કરવાનું છે. પહેલાં અંધારું દેખાશે,પણ ધૈર્ય સાથે યોગધારણા થી મનને વશ કરવું, પ્રભુના સર્વાંગ થી બુદ્ધિ દ્વારા ધારણા કરવી. જેમ જેમ બુદ્ધિ સ્થિર થશે, તેમ તેમ મન સ્થિર થશે. ધારણા સ્થિર થાય, ત્યારે ધ્યાનમાં પ્રભુનું મંગલ મય સ્વરૂપ દેખાય છે અને ભક્તિ યોગની પ્રાપ્તિ થાય છે. દયાનમાં મન સ્થિર ન થાય તો તેને મરણની બીક બતાવજો. તેથી તે સ્થિર થશે. મનને સમજાવજો, પટાવજો, છેવટે ધમકાવજો.

એકનાથ મહારાજને એક વૈષ્ણવે પૂછ્યું કે, તમારું મન ઈશ્વરમાં સ્થિર થાય છે, સદાસર્વદા તમારું મન શ્રીકૃષ્ણમાં સ્થિર કેમ રહે છે? તમારું મન ચોવીસે કલાક પ્રભુમાં સ્થિર છે, ને મારું મન અર્ધો કલાક પણ પ્રભુમાં સ્થિર થતું નથી, માટે મનને સ્થિર કરવાનો કાંઈ ઉપાય બતાવો. એકનાથ મહારાજે કહ્યું, એ વાત હમણાં જવા દે. હમણાં તો એક મહત્ત્વની વાત મારે તને કહેવી છે અને તે એ કે તારું મૃત્યુ નજીક છે. મરતાં પહેલાં વેર અને વાસનાનો ત્યાગ કર.વેર અને વાસના મરણને બગાડે છે. જા, સાત દિવસ પછી તું મારી પાસે આવજે. પેલા વૈષ્ણવના તો મૃત્યુનું નામ સાંભળ્યું કે હોશકોશ ઊડી ગયા. ઘરે જઈ તરત ધનની પુત્રોને સોંપણી કરી દીધી.સર્વની ક્ષમા યાચના માગી.ઈશ્વરનું ધ્યાન કરવા લાગ્યો. સાત દિવસ પછી તે એક નાથ મહારાજ પાસે આવ્યો.

મહારાજે પૂછ્યું, બોલ, આ સાત દિવસ તેં શું કર્યું? વૈષ્ણવ ઉત્તર આપે છે, મને તો મરણની બીક એવી લાગી કે, હું તો સર્વ છોડીને ઈશ્વરના ધ્યાનમાં જ લાગી ગયો. એકનાથ મહારાજે કહ્યું, બસ, તો મારી એકાગ્રતાનું પણ એ જ રહસ્ય છે. હું મૃત્યુને રોજ યાદ રાખું છું. હું મૃત્યુની બીક રાખી સતત ઈશ્વરભજન કરું છું, એટલે મારું મન સર્વ વિષયોમાંથી હટી જાય છે અને મારું મન સદાસર્વદા શ્રીકૃષ્ણમાં એકાગ્ર રહે છે.

પરમાત્માનું ધ્યાન કરતાં જીવ ઈશ્વરમાં મળી જાય.ધ્યાન કરનારો ધ્યેયમાં મળી જાય. ધ્યાતા. ધ્યાન અને ધ્યેય ત્રણે એક થઈ જાય. આજ મુક્તિ, આજ શુદ્ધ અદ્વૈત. ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એક થવાં જોઈએ. તે એક થાય તો સમજવું કે, ધ્યાનમાં અને દર્શનમાં એકતાન તા થઈ. એક્સાનતા થઈ એટલે તેને ઈશ્વર સિવાય બીજું કાંઈ દેખાતું નથી. લોકો ઈશ્વરને આપે છે ધન, પરંતુ પરમાત્મા તો સૌની પાસે માગે છે મન. વ્યવહાર કરો, પણ ઈશ્વરમાં મન રાખી વ્યવહાર કરવો. પનિહારીઓ પાણીનાં બેડાં ભરીને રસ્તેથી ઘરે આવતી હોય. ત્યારે રસ્તામાં તેઓ એક બીજી સાથે વાતો કરતી હોય છે પણ વાતચીતમાં તેઓનું ધ્યાન સતત માથા ઉપરનાં બેડાં ઉપર જ હોય છે. આવી રીતે સંસારના વ્યવહારો ઈશ્વરનું સ્મરણ રાખીને કરો.

ખાંડની પૂતળી સાગરનું ઊંડાણ પામવા ગઈ. તે સાગરમાં વિલીન થઈ ગઈ. પાછી ન જ બાવી. તે સાગર સાથે મળી ગઈ તેમ ઈશ્વર માં મળેલા મનને કોઈ જુદું કરી શકતું નથી. જેમ જેમ મન ધ્યાન કરે છે,તેમ તેમ જીવનો લય પરમાત્મામાં થાય છે.પછી જીવમાં જીવપણું રહેતું નથી.

ભાગવતમાં જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ બંને બતાવ્યા છે. જ્ઞાનમાર્ગમાં જીવ ઈશ્વરમય સાથે એક થાય છે, ઈશ્વરમાં મળી જાય છે, ત્યારે વૈષ્ણવાચાર્યો થોડું દ્વૈત રાખીને દ્વૈત માને છે. ભક્તિનો આરંભ ભલે દ્વૈતથી થાય, પણ તેની સમાપ્તિ અદ્વૈતમાં થાય છે. ભક્ત અને ભગવાન જુદા રહી શતા નથી. જે જીવ ભગવાનમાં મળી ગયો તેને પછી ભગવાન પોતાના સ્વરૂપ થી અલગ કરી શકતા નથી. ઈશ્વર રસરૂપ છે. જે બ્રહ્મરસમાં ડૂબી ગયો, જે બ્રહ્મરૂપ થયો તે પછી પરમાત્માના રસાત્મક સ્વરૂપનો અનુભવ કરી શકતો નથી. જીવ બ્રહ્મરૂપ થાય એટલે દુઃખ નિવૃત્તિ તો થાય છે, પણ આનંદનો અનુભવ થતો નથી. બ્રહ્મ જે રસાત્મક છે, આનંદાત્મક છે તેનો અનુભવ લેવા તેણે થોડું અલગ રહેવું પડે. થોડું દ્વૈત રાખવું પડે. તેથી ભક્ત કહે છે કે, હું મારા ભગવાનનો અંશ છું,હું મારા ભગવાનની ગોપી છું, મારે પરમા ત્મા સાથે એક થવું નથી. મારે પરમાત્માની સેવા કરવી છે. ભક્ત જ્યારે લૌકિક દેહ છોડી અપ્રાકૃત શરીર ધારણ કરી ગોલોક ધામમાં પ્રવેશ કરે છે ત્યારે ભગવાનને આનંદ થાય છે કે, મારો અંશ મને મળવા આવ્યો. ભકિત કરતાં તુકારામ પાંડુરંગ બની ગયા. પણ તુકારામ કહે છે,કીર્તન કરવામાં મને આનંદ આવે છે તે પાંડુરંગ થવામાં નથી. જીવ ઈશ્વર થી જુદો રહે,તો તે રસનો અનુભવ કરી શકે છે. વૈષ્ણવાચાર્યો જીવ ઈશ્વરથી થોડો અલગ હે તેમ ઈચ્છે છે. ઈયળ ભમરીનું ચિંતન કરતાં કરતાં ભમરીરૂપ બની જાય છે,તેજ પ્રમાણે જીવ બ્રહ્મનું ચિંતન કરતાં બ્રહ્મરૂપ બની જાય છે. આ થઈ કૈવલ્ય મુક્તિ, પણ વૈષ્ણવો આવી કેવલ્ય મુક્તિ ઈચ્છતા નથી. તેઓ ઈશ્વરની પૂજા-સેવા કરવા માટે અને તેનો રસાસ્વાદ માણવા - માટે થોડું દ્વૈત રાખે છે. જે વ્યાપક બ્રહ્મમાં લીન થયો તે તેમાંથી કેમ છૂટો પડી શકે? પાણીમાં સર્વ રીતે ડૂબી ગયેલો મને પાણીનો સ્વાદ લઈ શકતો નથી, તેવી રીતે જીવ ઈશ્વર ડૂબી ગયા પછી જીવ ઈશ્વરના સ્વરૂપનો રસાનુભાવ કરી શકતો નથી. માટે વૈષ્ણવ મહાપુરુષો થોડું દ્વૈત રાખી ભગવાનની સેવા-સ્મરણમાં કૃતાર્થતા અનુભવે છે.

આ બંને સિદ્ધાંતો સત્ય છે. ખંડનમંડનની ભાંજગડમાં પડશો નહીં. ગૌરાંગ પ્રભુ પણ ભેદાભેદ ભાવમાં માને છે. લીલામાં ભેદ માને છે, પરંતુ તત્ત્વદષ્ટિથી અભેદ છે. અભિન્ન હોવા છતાં સૂક્ષ્મભેદ છે. પંચોતેરમો પ્રજાસત્તાક દિન ઉત્સાહ ઉમંગભેર ઉજવ્યો..હવે શિયાળાની ધીમે ધીમે વિદાય લેશે.અને ઉનાળાનું આગમન જળ એ જીવન છે એ જીવન મંત્ર નજર સમક્ષ રાખી પાણીનો વિવેક પૂર્વક ઉપયોગ કરવાનો સંકલ્પ કરીએ.અને જે માનવ જીવ પાણી અને વાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરે તે ક્યારેય દુઃખી થતો નથી. જીવન જીવવાનો સાચો મુદ્રાલેખ બસ આજ છે.



### એટીટ્યુડ જોઇને શાહિદ કપૂર પણ ચોંકી ગયો

# અભિનેત્રી કૃતિ સેનન ફેનને ઇગ્નોર કરવા પર થઇ ટ્રોલ

## લોકોનું કહેવુ છે કે એક્ટ્રેસનો એટિટ્યૂડ વધારે લાગી રહ્યો છે, જ્યારે એક યુઝર્સે લખ્યુ છે કે બિચારી છોકરી, કૃતિને એને ઇગ્નોર કરી દીધી

તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયામાં પહેલી વાર કૃતિ સેનન અને શાહિદ કપૂરની જોડી સામે આવશે. ૯ ફેબ્રુઆરીના રોજ રિલીઝ થનારી આ રોમેન્ટિક ડ્રામા ફિલ્મના પ્રમોશનમાં કૃતિ સેનન અને શાહિદ કપૂરની જોડી સતત વ્યસ્ત છે. આ દિવસોમાં બન્ને એક સાથે મુંબઇ એરપોર્ટ પર સ્પોટ થયા. બન્ને કોઇ ઈવેન્ટમાંથી મુંબઇ પાછા ફરતા હતા. આ બન્ને જોડી લોકોને ખૂબ પસંદ પડી રહી છે. એક સાથે આ જોડી કમાલની લાગશે. જો કે હાલમાં કૃતિ સેનન એક વાતને લઇને ટ્રોલ થઇ છે. કૃતિ સેનને કંઇક એવુ કર્યુ કે હવે ટ્રોલર્સના હાથે ચઢી ગઇ છે અને સોશિયલ મિડીયામાં તસવીરો અને વિડીયો વાયરલ થઇ રહ્યા છે. આમ, તમને જણાવી દઇએ કે કૃતિ સેનને એવુ તો શું કર્યુ કે ટ્રોલર્સ એની પાછળ પડી ગયા છે અને ખરીખોટી સંભળાવી રહ્યા છે. કૃતિ સેનન અને શાહિદ કપૂર એરપોર્ટની બહાર આવી રહ્યા હતા. આ દરમિયાન એક ફેન એની રાહ જોઇ રહ્યો હતો. શાહિદ કપૂરે એને ઈશારો કરીને ફોટો ક્લિક કરવા માટે બોલાવ્યો. ત્યારબાદ એ દોડીને એક્ટરની પાસે આવે છે. જ્યાં શાહિદે પ્રેમથી ગળે મળ્યો અને ફોટો ક્લિક કરાવ્યો. ત્યારે કૃતિ સેનન દૂર ભાગતી જોવા મળી. આ દરમિયાન એક ફેને હાથ મેળવવાની કોશિશ કરો તો એમને ઈગ્નોર કર્યા. લોકોનું કહેવુ છે કે એક્ટ્રેસનો એટિટ્યૂડ વધારે લાગી રહ્યો છે, જ્યારે એક યુઝર્સે લખ્યુ છે કે બિચારી છોકરી, કૃતિને એને ઈગ્નોર કરી દીધી છે જ્યારે ફેને કૃતિની સાથે વાત કરવાની કોશિશ કરી તો એને ઈગ્નોર કરતી જોવા મળી. આ વિડીયો પૈપરાઝીએ પેજ પર શેર કર્યો, જેને જોયા પછી ફેન્સ બરાબર ગુસ્સે થઇ ગયા છે. લોકોનું કહેવુ છે કે એક્ટ્રેસનો એટિટ્યૂડ વધારે લાગી રહ્યો છે, જ્યારે એક યુઝર્સે લખ્યુ છે કે બિચારી છોકરી, કૃતિને એને ઈગ્નોર કરી દીધી છે. જ્યારે એક યુઝર્સે લખ્યુ છે કે આને એટિટ્યૂડ પ્રોબ્લેમ છે. આમ લોકોએ આવી અનેક પ્રકારની કોમેન્ટ્સ કરીને કૃતિને ટ્રોલ કરી છે. ઉલ્લેખનીય છે કે કૃતિ સેનન છેલ્લે ફિલ્મ આદિપુરષમાં સીતા બનીને જોવા મળી હતી, જ્યારે આ પહેલાં મિમીમાં જોવા મળી હતી. આ ફિલ્મ માટે એને રાષ્ટ્રીય પુરસ્કાર પણ મળ્યો. જ્યારે શાહિદ કપૂરની વાત કરીએ તો એ વેબ સિરીઝ ફર્ઝીમાં જોવા મળ્યો હતો. આ સિરીઝ લોકોને ખૂબ પસંદ પડી. હવે બન્નેની જોડી હવે 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા' માં જોવા મળશે.

### શૈતાન ફિલ્મનું ટીઝર રિલીઝ થયુ

# કાળા જાદુની ડરામણી રમતમાં ફસાયા અજય દેવગન અને જ્યોતિકા સદન

## સસપેન્સથી ભરપૂર ટીઝર જોઇને લોકોને પરસેવો છુટી ગયો, અજય, માધવન અને જ્યોતિકાની પહેલી ઝલક ટીઝરમાં જોવા મળી



બોલિવૂડમાં દમદાર ભૂતિયા એટલે કે હોરર ફિલ્મ ઘણાં સમયથી રિલીઝ થઈ નથી. હોરર ફિલ્મને જોવા માટે ફેન એકદમ આતુર છે. દર્શકો હોરર મુવીને જોવા માટે તલપાપડ થઈ રહ્યા છે. જો કે હવે દરેક લોકોની ઈચ્છા પૂરી થઈ ગઈ છે કારણકે આર માધવન અને અજય દેવગનની એક ધાંસૂ ફિલ્મ શૈતાન લઈને આવે છે. આ ફિલ્મનું ટીઝર આજ રોજ એટલે કે ૨૫ જાન્યુઆરીના રોજ રિલીઝ થઈ ગયુ છે. ફિલ્મની પહેલી ઝલક પોસ્ટર દ્વારા બતાવ્યા પછી હવે ટીઝર સામે આવ્યુ છે, જે દમદાર છે. શાનદાર વોઈસઓવરની સાથે શરૂ થાય છે અને આ ટીઝર લોકોને ખૂબ પસંદ પડે છે. આ ટીઝરને અજય દેવગન અને આર માધવને ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કર્યુ છે. વૂડુ ગુડિયાના પ્રયોગ સામાન્ય રીતે જાદુઈ પરંપરાઓ એટલે કે કાળા જાદુ કરવા માટે વિભિન્ન રૂપોમાં કરવામાં આવે છે. આ ફિલ્મમાં કાળા જાદુ અને વૂડુ ગુડિયાનો ખેલ જોવા મળી રહ્યો છે. સામે આવેલા ટીઝરથી એ વાત સ્પષ્ટ થાય છે કે અજય દેવગન અને જ્યોતિકા આ કાળા જાદુ અને શૈતાનનો સામે કરવાના છે. એવું પણ જોવા મળી રહ્યુ છે કે બ્લેક મેજિક કરનાર આ શૈતાન કોઈ બીજુ નહીં, પરંતુ આર માધવન છે. પૂરા ટીઝરમાં એક શાનદાર વોઈસઓવરના માધ્યમથી શૈતાનની પરિભાષા બતાવવામાં આવી છે, જે વર્ષોથી ચાલી રહેલી વસ્તુઓના સાક્ષી છે. કાળા જાદુ સાથે જોડાયેલ ડરાવણી વસ્તુઓ ટીઝરમાં જોવા મળી રહી છે. ટીઝરમાં આર માધવની ધૂંધળી ઝલકમાં હંસતા જોવા મળી રહ્યા છે જ્યારે અજય દેવગન અને જ્યોતિકા ગભરાયેલા અને ડરેલા નજરે પડી રહ્યા છે. ટીઝરથી એ વસ્તુ સ્પષ્ટ થાય છે કે આર માધવન કાળા જાદુ કરશે જેનો સામનો અજય દેવગન અને જ્યોતિકા કરશે. શૈતાન જિયો સ્ટૂડિયોઝ, અજય દેવગન ફિલ્મ્સ અને પેનોરમા સ્ટૂડિયોઝ ઈન્ટરનેશનલની પ્રસ્તુતિ છે અને આ દેવગન, જ્યોતિ દેશપાંડે, કુમાર મંગત પાઠક અને અભિષેક પાઠક દ્વારા નિર્મિત છે. આ ૮ માર્ચના રોજ રિલીઝ થશે.




# સની લિયોનીએ ઉત્તર પ્રદેશમાં પોતાની પ્રથમ રેસ્ટોરન્ટ ખોલી

## રેસ્ટોરન્ટના ફોટો ખૂબ જ શાનદાર લાગી રહ્યા છે, ફોટોમાં સની લિયોની પિઝ્ઝા બનાવતી ખૂબ જ ખુશ દેખાઈ રહી છે



સની લિયોનીએ રેસ્ટોરન્સ ખોલ્યા બાદ લોકોની પડાપડી થઈ

બોલીવુડ એક્ટ્રેસ સની લિયોની દુનિયાભરમાં પ્રખ્યાત છે. સોશિયલ મીડિયા પર તે કોઈ સેંસેશનથી કમ નથી. તે દરરોજ બોલ્ડ અને ગ્લેમર અંદાજમાં તસ્વીરો અને વીડિયો પોસ્ટ કરીને પોતાના ફેન્સને ખુશ કરે છે. હકીકતમાં જોઈએ તો, સની લિયોનીએ હાલમાં જ પોતાની પ્રથમ રેસ્ટોરન્ટ યૂપીમાં ખોલી છે.

બોલીવુડથી લઈને દેશના કેટલાય ભાગોમાં એક્ટ્રેસ સની લિયોનીની આ રેસ્ટોરન્ટની ચર્ચા થઈ રહી છે. સની એક રેસ્ટોરન્ટની માલિક બની ગઈ છે. સનીએ પોતાની રેસ્ટોરન્ટનું નામ ચિકાલોકા રાખ્યું છે. ખાસ વાત એ છે કે, સનીએ આ રેસ્ટોરન્ટ યૂપીના નોઈડા શહેરમાં ખોલી છે. જેનો વીડિયો સનીએ ખુદ પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ અને રેસ્ટરન્ટના ઈંસ્ટાગ્રામ પર પેજ પર ખોલ્યો છે. આપને જણાવી દઈએ કે, સનીએ નવા રેસ્ટોરન્ટના નામ પર પણ એક પર્સનલ ઈંસ્ટાગ્રામ અકાઉન્ટ બનાવ્યું છે. જેનું નામ ચિકાલોકા નોઈડા છે. આ અકાઉંટ પર આપ સનીના રેસ્ટોરન્ટના વીડિયો જોઈ શકશો.

સનીની રેસ્ટોરન્ટના ફોટો ખૂબ જ શાનદાર લાગી રહ્યા છે. આ ફોટોમાં સની લિયોની પિઝ્ઝા બનાવતી ખૂબ જ ખુશ દેખાઈ રહી છે. સાથે જ તેણે પોતાની વિશ પણ જણાવી અને કહ્યું કે, દુનિયા જીતવા માટે. સની લિયોનીની આ રેસ્ટોરન્ટ નોઈડના સેક્ટર ૧૨૯ વન ૨૯માં આવેલી છે. રેસ્ટોરન્ટ દેખાવે ખૂબ જ શાનદાર છે. આ રેસ્ટોરન્ટમાં કેટલાય પ્રકારની રેસિપી તમને મળી જશે.

# બોબી દેઓલના જન્મદિવસ પર મહિલા પ્રશંસકે અચાનક કિસ કર્યું, શરમથી લાલ થઈ ગયેલા અભિનેતાનો વીડિયો વાયરલ

## બોલિવૂડ એક્ટર બોબી દેઓલના જન્મદિવસ પર તેની એક મહિલા ફેને તેને જાહેરમાં કિસ કરી છે, બોબી દેઓલનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે

બોલિવૂડ એક્ટર બોબી દેઓલ શનિવારે એટલે કે ૨૭ જાન્યુઆરીએ પોતાનો જન્મદિવસ ઉજવી રહ્યો છે. ૫૫ વર્ષના બોબી દેઓલને તેના પરિવારના સભ્યો અને ઈન્ડસ્ટ્રી તરફથી જન્મદિવસની શુભેચ્છાઓ મળી છે. આ સાથે બોબી દેઓલના ચાહકોનો તેમને ઘણો પ્રેમ મળી રહ્યો છે. તે જ સમયે, બોબી દેઓલે તેના ઘરે ચાહકો સાથે કેક કાપી હતી અને તેની તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. આ દરમિયાન બોબી દેઓલનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં બોબી દેઓલની મહિલા ફેન્સે તેને જાહેરમાં કિસ કરી છે અને લોકો આના પર ઉગ્ર પ્રતિક્રિયા આપી રહ્યા છે.

બોલિવૂડ સ્ટાર બોબી દેઓલ આજે, ૨૭ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ તેમનો ૫૫મો જન્મદિવસ ઉજવી રહ્યો છે. અભિનેતાને તેના ખાસ દિવસે વિશ્વભરના તેના ચાહકો તરફથી ઘણો પ્રેમ મળી રહ્યો છે. થોડાક નસીબદાર લોકોને અભિનેતાને તેમના નિવાસસ્થાનની બહાર મળવાની અને ઉજવણીનો ભાગ બનવાની તક મળી. મુંબઈમાં તેના ઘરની બહાર



બોબીના જન્મદિવસની ઉજવણીના કેટલાક વીડિયો અને ચિત્રો ઓનલાઈન ફરતા થઈ રહ્યા છે જેમાં એનિમલ એક્ટરને ચાહકો સાથે વાર્તાલાપ કરતા અને ખાસ ડિઝાઈન કરેલી કેક કાપતા જોઈ શકાય છે.

### પ્રાણ પ્રતિષ્ઠાના એક દિવસ બાદ કરી પોસ્ટ

# શ્રીરામના આમંત્રણ પર ન ગયો અયોધ્યા અલ્લુ અર્જૂન

## અલ્લુ અર્જૂન એવા સ્ટાર્સમાંથી એક છે જેને રામ મંદિર ઉદ્ઘાટન સમારોહ માટે આમંત્રિત કરવામાં આવ્યો હતો



એક્ટર અલ્લુ અર્જૂન એવા સ્ટાર્સમાંથી એક છે જેને રામ મંદિર ઉદ્ઘાટન સમારોહ માટે આમંત્રિત કરવામાં આવ્યો હતો. જોકે, એક્ટરે આ મોકા પર પોતાની ઉપસ્થિતિ નોંધાવવાને નજરઅંદાજ કર્યુ અને બાકીના સેલિબ્રિટી સાથે તે અયોધ્યા ન જઈ શક્યો. પરંતુ, તે હજુ પણ આ સમારોહની ઉજવણી કરી રહ્યો છે. ૨૩ જાન્યુઆરીએ, રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના એક દિવસ બાદ એક્ટરે ઈન્સ્ટાગ્રામ પર એક ભાવુક નોટ શેર કરી હતી, જેમાં તેણે એક ભવ્ય મંદિરને લઈને પોતાની ખુશી વ્યક્ત કરી છે. અલ્લુ અર્જુન રજનીકાંત, ધનુષ, રામ ચરણ અને ચિરંજીવી જેવા દક્ષિણના મોટા સેલેબ્સમાંનો એક હતો જેને અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં આમંત્રિત કરવામાં આવ્યો હતો. પરંતુ, દુર્ભાગ્યથી કોઈ કારણે રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા એક્ટર આ કાર્યક્રમમાં સામેલ ન થઈ શક્યો. હવે તેણે શ્રી રામ પ્રાણ પ્રતિષ્ઠાને લઈને પોતાની પ્રાણ પ્રતિષ્ઠાને લઈને એક હાર્દિક નોટ ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર 'પુષ્પા' એક્ટરે લખ્યું, 'ભારત માટે શું દિવસ છે. રામ મંદિર ઉદ્ઘાટનને લઈને ખૂબ જ ભાવુક અનુભવી રહ્યો છે. તેના આગમનથી મને લાગ્યું કે જેવી રીતે ભારતમાં એક નવા યુગની શરુઆત થઈ. હું ખરેખર આવનારા વર્ષોમાં અયોધ્યાને દુનિયાના સૌથી મોટા તીર્થ રુપે જોવા ઈચ્છુ છું. જય શ્રી રામ. જય હિન્દ. અલ્લુ અર્જૂનના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો છેલ્લીવાર તે 'પુષ્પાઃ ધ રાઈઝ'માં જોવા મળ્યો અને તેમાં પોતાના પ્રદર્શનથી દર્શકોને ખૂબ જ ઈમ્પ્રેસ કર્યુ હતું. આ જ તે ફિલ્મ હતી જેણે લોકડાઉન બાદ પ્રમોશન વિના ધાંસૂ કમાણી કરી અને સિનેમા માટે એક આશાની કિરણ લઈને આવી. ફિલ્મ એક્ટરે મુખ્ય ભૂમિકા ભજવી હતી અને પોતાના પ્રદર્શન માટે સર્વશ્રેષ્ઠ એક્ટરનો રાષ્ટ્રીય પુરસ્કાર પણ જીત્યો. હવે ફેન્સ તેના બીજા પાર્ટ 'પુષ્પાઃ ધ રુલ'ની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મ ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ સ્વતંત્રતા દિવસ પર સ્ક્રીન પર રિલીઝ થવાની છે. તેની ટક્કર રોહિત શેટ્ટીની ફિલ્મ 'સિંઘમ અગેન' સાથે થશે. સુકુમાર દ્વારા નિર્દેશિત અને માઈથ્રી મૂવી મેકર્સ દ્વારા નિર્મિત આ ફિલ્મમમાં રશ્મિકા મંદાના અને ફહદ ફાસિલ પણ મુખ્ય ભૂમિકાઓમાં છે. ફિલ્મનું સંગીત રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા દેવી શ્રી પ્રસાદે તૈયાર કર્યું છે.

# વ્યક્તિએ ચલાવ્યો વિજ્ઞાનનું જાદૂ, માનવ મળમાંથી બનાવ્યું કેરોસીન

**છેલ્લા ૨૦ વર્ષથી ગ્લૂસ્ટરશાયરમાં લો-કાર્બન ફ્યૂલ્સ તૈયાર કરનારા હેગેટે કહ્યું, નવું ઈંધણ રાસાયણિક રુપે ફોસિલ બેઝ્ડ કેરોસીનની જેવું જ હતું**



કહેવાય છે કે વિજ્ઞાનનું નામ પ્રયોગ છે. દરેક વખતે પ્રયોગમાંથી કંઈક નવું બહાર આવે છે. પરંતુ એક નવી ઉડ્ડયન કંપનીએ વિમાનો માટે ઈંધણ તૈયાર કર્યું છે, જે સંપૂર્ણપણે માનવ જહાજમાંથી બનાવવામાં આવ્યું છે. આ વાંચીને તમને પણ નવાઈ લાગશે પણ આ સત્ય છે. દક્ષિણ પશ્ચિમ ઈંગ્લેન્ડના ગ્લોસેસ્ટરશાયરમાં માનવ મળમૂત્રને કેરોસીનમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે. ફાયરફલાઈ ગ્રીન ફ્યુઅલના સીઈઓ જેમ્સ હેગેટે જણાવ્યું હતું કે, અમે ખરેખર ઓછા ખર્ચે ફીડસ્ટૉક શોધતા હતા જે મોટી માત્રામાં ઉપલબ્ધ હોય. માનવ મળમૂત્રનું પુષ્કળ પ્રમાણ છે.

આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન નિયમનકારોએ સ્વતંત્ર પરીક્ષણમાં શોધી કાઢ્યું કે તે સ્ટાન્ડર્ડ જેટ ફ્યૂલથી ખૂબ જ મળતું આવે છે. ફાયરફલાઈ ટીમના કાર્નફીલ્ડ યુનિવર્સિટીની સાથે મળીને ફ્યૂલની લાઈફ સાઈકલ પર કાર્બન પ્રભાવની તપાસ કરી. તેનાથી એ પરિણામ આવ્યું કે ઈંધણમાં સ્ટાન્ડર્ડ જેટ ફ્યૂલની તુલના ૯૦% ઓછું કાર્બન ફૂટપ્રિન્ટ્સ છે. છેલ્લા ૨૦ વર્ષથી ગ્લુસેસ્ટરશાયરમાં લૉ-કાર્બન ઈંધણનું ઉત્પાદન કરતા હેગેટે જણાવ્યું હતું કે, નવું બળતણ રાસાયણિક રીતે ફોસિલ બેસ્ડ કેરોસીન જેવું જ છે. તેમાં કોઈ ફૉસિલ કાર્બન નથી. આ ફૉસિલ ફ્રી ફ્યૂલ છે. હેગેટે વધુમાં જણાવ્યું હતું કે, ઉત્પાદનમાં ઊર્જાનો ઉપયોગ કરવામાં આવશે તે સાચું છે. પરંતુ જ્યારે આપણે ઈંધણના જીવન ચક્રને જોઈએ છીએ, ત્યારે ૯૦ ટકા બચત તમને ખુશ કરી દે છે. આપણે ઉર્જાનો ઉપયોગ કરવો પડે છે પરંતુ તે ફૉસિલ ફ્યૂલની તુલનામાં તે ખૂબ જ ઓછું છે.' આખી દુનિયામાં વિમાનોના કારણે ૨ ટકા કાર્બન એમિશન હોય છે, જેનાથી પર્યાવરણ પર અસર પડે છે. ભલે જ નાનું લાગે પરંતુ, ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. સૌથી મોટો પડકાર એવિએશન સેક્ટરમાં કાર્બન ઘટાડવાનો છે. તેને ધ્યાનમાં રાખીને, ઈલેક્ટ્રિક એરક્રાફ્ટ વિકસાવવામાં આવી રહ્યા છે. ઈંગ્લેન્ડના કોટ્સવોલ્ડ્સમાં એક કંપનીએ ૨૦૨૬ સુધીમાં એક ડઝન મુસાફરો માટે હાઈડ્રોજન-ઈલેક્ટ્રિક પ્લેન ઉડાડવાનું વચન આપ્યું છે. પરંતુ હજુ ઘણો સમય લાગી શકે છે. તેથી કેરોસીન બનાવવા માટે નવી રીતો જોર પકડી રહ્યું છે. ગ્લૉસ્ટરશાયરના એક નાના ખેતરમાં, હેગેટે ૨૦ વર્ષ પહેલાં કાર અને ટ્રક માટે રેપસીડ ઓઈલને 'બાયો-ડીઝલ'માં રૂપાંતરિત કરવાનું શરૂ કર્યું. તેમની કંપની ગ્રીન ફ્યુઅલ, હવે એવા ઉપકરણો વેચે છે જે રસોઈના તેલને બાયોડીઝલમાં રૂપાંતરિત કરે છે, અને સમગ્ર વિશ્વમાં ગ્રાહકો ધરાવે છે. આ પછી તેણે ગ્રીન જેટ ફ્યુઅલ બનાવવાની રીતો શોધવાનું શરૂ કર્યું. તેઓએ વેસ્ટ ઑયલ, ખરાબ ખાવાનાની સાથે કૃષિ અવશેષ પર પણ હાથ અજમાવ્યો. બાદમાં તેણે માનવ મળ પર પ્રયોગ કર્યો. તેમણે લંડનની ઈમ્પીરીયલ કોલેજના રસાયણશાસ્ત્રી ડૉ. સર્ગિયો લીમા સાથે હાથ મિલાવ્યા. તેઓએ સાથે મળીને એક પ્રક્રિયા તૈયાર કરી જેના દ્વારા માનવ મળમૂત્રને જેટ ફ્યુઅલમાં રૂપાંતરિત કરી શકાય. કાળા રંગનું આ ઈંધણ કેમિકલ રીતે ક્રૂડ ઓઈલ જેવું જ કામ કરે છે.

**તેમાં કોઈ ફોસિલ કાર્બન નથી, આ ફોસિલ ફ્રી ફ્યૂલ છે**

**સડેલા લાકડા હટાવતાં રહસ્ય ખુલ્યું**

# ઘરની નીચે સેંકડો વર્ષોથી છુપાયેલું હતું રહસ્ય

**જ્યારે તેમણે લાકડા હટાવ્યા તો નીચે જવા માટે સીડીઓ હતી, તેમણે આ સીડીઓ પહેલા ક્યારેય જોઈ ન હતી**



માત્ર ભારત જ નહીં, વિશ્વના તમામ દેશોનો ઈતિહાસ અનોખો છે, પરંતુ સમયની સાથે જ્યારે વિશ્વ આધુનિકતાની ચાદરથી ઢંકાઈ ગયું ત્યારે સુંદર ઈતિહાસ ઓરડાઓમાં બંધ થઈને ઈમારતોના ખૂણે-ખૂણે છુપાઈ ગયો. પછી કેટલાક લોકો એવા પણ હતા જેમણે એ ઈતિહાસને બહાર લાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ક્યારેક ઈતિહાસ પોતાની મેળે બહાર આવી જાય છે. બ્રિટિશ યુગલની વાર્તા સાંભળ્યા પછી એવું જ લાગે છે. બે વર્ષ પહેલા આ કપલ ખૂબ જ સમાચારોમાં હતું કારણ કે તેઓએ તેમના ઘરમાં ઈતિહાસ સાથે જોડાયેલી એવી વસ્તુ જોઇ, જેના વિશે તેમને કોઈ અગાઉથી જાણકારી નહોતી. તેઓએ ઘરની નીચે એક મોટું રહસ્ય શોધી કાઢ્યું, જ્યારે તેઓએ તેની શોધ કરી, ત્યારે તેમને લાગ્યું કે જાણે તેઓ કોઈ બીજી દુનિયામાં પ્રવેશ્યા છે! રિપોર્ટ અનુસાર, ૨૦૨૦માં બ્રિટનના ૪૧ વર્ષીય બેન માન અને તેમની પત્ની કિમ્બરલી જેન સાથે એક આશ્ચર્યજનક ઘટના બની હતી. વર્ષ ૨૦૧૫માં બેન આ ઘરમાં શિફ્ટ થયા હતા. પછી જે વ્યક્તિ પાસેથી તેમણે ઘર ખરીદ્યું હતું તેમણે બેનને ઘરને સંપૂર્ણ એક્સપ્લોર કરવા દીધું ન હતું. તેની શરત એવી હતી કે જ્યારે તે ઘર ખરીદશે ત્યારે તે તેને જોઈ શકશે. અચાનક એક દિવસ બેનને ઘરના એક ભાગમાં રાખેલ સડેલું લાકડું બદલવાનું મન થયું. આ વાસ્તવમાં લાકડાના દરવાજા હતા, જે એક રસ્તાને છુપાવતા હતા. જ્યારે તેમણે લાકડા હટાવ્યા તો નીચે જવા માટે સીડીઓ હતી. તેમણે આ સીડીઓ પહેલા ક્યારેય જોઈ ન હતી. જ્યારે તે નીચે ગયા ત્યારે તેમણે એક ગુપ્ત ભોંયરું જોયું. બેનને ત્યારે જ શંકા ગઈ હતી જ્યારે અગાઉના વ્યક્તિએ તેમને ઘરની સંપૂર્ણ તપાસ કરવા દીધી ન હતી. તેમણે આ વિસ્તારમાં અન્ય ઘરો જોયા હતા અને તે જાણતો હતો કે ત્યાં પણ ભોંયરાઓ છે. જ્યારે તેણે તે જોયું, ત્યારે તે આશ્ચર્યચકિત થઈ ગયો અને તેને બદલવાનું વિચાર્યું. ભોંયરું પાણી અને ગંદકીથી ભરેલું હતું. પરંતુ તેણે ધીરે ધીરે આ રૂમને હોમ સિનેમામાં બદલી નાખ્યો. તે સમયે તેમને ૧ વર્ષની પુત્રી બેલા હતી, જે હવે ૩ વર્ષની છે. આ રૂમને બદલવા માટે તેને ૪.૭ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. તેણે રૂમમાં પ્રોજેક્ટર, સોફા, બાર એરિયા વગેરે પણ બનાવ્યા, જે પછી તે ખૂબ જ અનોખો અનુભવ આપી રહ્યો હતો. આ કામ ઓક્ટોબર ૨૦૨૦માં શરૂ થયું હતું અને ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થયું હતું.

# શું કોઈ સાપ ૫૦૦ વર્ષ સુધી જીવી શકે છે?



સાપ વિશ્વના સૌથી ખતરનાક પ્રાણીઓમાંનું એક છે. કેટલાક સાપ એટલા ખતરનાક હોય છે કે તે થોડી જ સેકન્ડમાં માણસને મારી શકે છે. જો કે, સાપની મોટાભાગની પ્રજાતિઓ માણસોથી ડરે છે અને તેમના સંપર્કમાં આવવાનું ટાળવા માંગે છે.

સાપ વિશે ઘણી ગેરમાન્યતાઓ છે. આમાંથી એક તેની ઉંમર સાથે પણ સંબંધિત છે. અવારનવાર આવા દાવાઓ જોવા મળશે જેમાં સાપની ઉંમર ૫૦૦ કે ૧૦૦૦ વર્ષ કહેવાય છે, પરંતુ શું ખરેખર આવું છે? સાપની ઉંમર જાણતા પહેલા, ચાલો તેના જીવન ચક્રને સમજીએ. સાપનું જીવન ચક્ર મુખ્યત્વે ૩ તબક્કામાં વહેંચાયેલું છે. પ્રથમ તબક્કો ઈંડા છે. માદા સાપ એક સમયે ૧૦થી ૧૫ ઈંડાં મૂકે છે અને તેઓ બહાર નીકળે ત્યાં સુધી તેમનું રક્ષણ કરે છે. સાપની કેટલીક પ્રજાતિઓ છે જે ઈંડા નથી મૂકતા પરંતુ સીધા જ બાળકોને જન્મ આપે છે. બીજો તબક્કો એ ઈંડામાંથી બહાર આવવાનો છે. સામાન્ય રીતે ૫૦થી ૫૫ દિવસમાં ઈંડામાંથી સાપના બચ્ચા બહાર આવે છે. એવી કેટલીક પ્રજાતિઓ છે જેમના બાળકો ૪૦ દિવસમાં બહાર આવે છે. કેટલાકને ૭૦ દિવસ પણ લાગે છે. એકવાર ઈંડામાંથી બહાર આવી જાય પછી માદા સાપ તેમના વિશે ખાસ ચિંતિત રહેતી નથી. તેઓ નાના જંતુઓ ખાઈને જીવિત રહે છે. તેમના શરીરનું કદ વર્ષમાં લગભગ ચાર ગણું વધે છે. ત્રીજો તબક્કો પુખ્ત અથવા પરિપક્વ બનવાનો છે. તે વિવિધ જાતિઓ પર આધાર રાખે છે. કેટલાક સાપ ૨ વર્ષમાં પુખ્ત બને છે અને કેટલાક ૪ વર્ષમાં. એકવાર પુખ્ત થઈ ગયા પછી સાપ વર્ષમાં ઓછામાં ઓછા બે વાર તેમનું કેચુલ છોડી શકે છે. પોતાની મેળે શિકાર કરી શકે છે. સાપની કેટલીક પ્રજાતિઓ અન્ય પ્રજાતિના સાપને પણ પોતાનો શિકાર બનાવે છે. હવે મૂળ પ્રશ્ન પર પાછા આવીએ છીએ, સાપનું આયુષ્ય કેટલું છે? નિષ્ણાતોના મતે, સાપની ઉંમર તેની પ્રજાતિ પર આધારિત છે. કેટલાકની ઉંમર નાની હોય છે, કેટલાકની લાંબી. સાપના જીવનકાળમાં તેમનો આહાર, જિનેટિક્સ અને ઈકોલોજી જેવી બાબતો ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સાપની મોટાભાગની પ્રજાતિઓની સરેરાશ ઉંમર ૮-૧૦ વર્ષ હોય છે. વનઅર્થ પર આપવામાં આવેલી માહિતી અનુસાર, જંગલમાં રહેતા સાપનું આયુષ્ય પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવેલા સાપથી લગભગ અડધું હોય છે, કારણ કે જંગલમાં તેમને તમામ પ્રકારના જોખમોનો સામનો કરવો પડે છે.

ઉદાહરણ તરીકે- અન્ય જંગલી પ્રાણીઓ, ઉંદરો, નેવલા વગેરે. બોઆ કન્સ્ટ્રક્ટર અથવા મોટા અજગર એ સૌથી લાંબુ જીવતી પ્રજાતિ છે. તેમની ઉંમર ૪૦ વર્ષ સુધીની હોઈ શકે છે. આ વિશ્વના સૌથી લાંબા સાપમાંનો એક છે. વિશ્વમાં જોવા મળતા સાપની તમામ પ્રજાતિઓમાં કોબ્રા સાપ સૌથી મુખ્ય છે. ઝેરી કોબ્રા ભારતમાં પણ જોવા મળે છે. કોબ્રાની ઉંમર સામાન્ય રીતે ૨૫-૩૦ વર્ષની વચ્ચે હોય છે. જો પ્રાણી સંગ્રહાલયમાં અથવા કેદમાં રાખવામાં આવે તો, તેમની ઉંમર ૩૫-૪૦ વર્ષ સુધીની હોઈ શકે છે. ક્રેટ ભારતમાં પણ જોવા મળે છે, જેની ઉંમર ૧૦-૧૫ વર્ષની વચ્ચે છે. વિશ્વભરમાં સાપની ૩૭૮૯ પ્રજાતિઓ છે અને તેમની સંખ્યા સતત વધી રહી છે કારણ કે વૈજ્ઞાનિકો સતત સાપની નવી પ્રજાતિઓ શોધી રહ્યા છે. વૈજ્ઞાનિકોના મતે સાપની કુલ પ્રજાતિઓમાંથી માત્ર ૬૦૦ પ્રજાતિઓ જ ઝેરી છે. બાકીના બિન-ઝેરી છે. વિશ્વમાં સાપની તમામ પ્રજાતિઓમાંથી માત્ર ૭૦ પ્રજાતિઓ સમુદ્રમાં રહે છે. મોટાભાગના દરિયાઈ અથવા પાણીના સાપ જમીન પર જીવી શકતા નથી, એકમાત્ર અપવાદ ક્રેટ છે જે પાણી અને જમીન બંને પર રહી શકે છે.

**સાપ વિશ્વના સૌથી ખતરનાક પ્રાણીઓમાંનું એક છે, કેટલાક સાપ એટલા ખતરનાક હોય છે કે તે થોડી જ સેકન્ડમાં માણસને મારી શકે છે**

## ઇનલેન્ડનો તાઈપન વિશ્વનો સૌથી ઝેરી સાપ છે

જ્યારે સાપની વાત આવે છે ત્યારે માણસ ડરી જાય છે. કારણ કે સાપ ઝેરી હોય કે ન હોય, જો તે માણસની સામે આવે તો આપોઆપ ડર લાગવા લાગે છે. જ્યારે ઝેરી સાપની વાત આવે છે, ત્યારે દરેકની જીભ પર પહેલું નામ આવે છે તે કોબ્રા છે. ઘણા લોકો કિંગ કોબ્રાને દુનિયાનો સૌથી ઝેરી સાપ માને છે, પરંતુ શું તમે જાણો છો કે તેના કરતાં પણ વધુ ઝેરીલો સાપ દુનિયામાં છે. તેની સરખામણીમાં કોબ્રાનું ઝેર પણ પાણી ભરે! અમે વાત કરી રહ્યા છીએ ઈનલેન્ડ તાઈપન સાપની. લાઈવ સાયન્સ અને એઝ-એનિમલ્સ વેબસાઈટના અહેવાલો અનુસાર, આ સાપ સૌથી વધુ ક્વીન્સલેન્ડ અને દક્ષિણ ઓસ્ટ્રેલિયાના પૂરના મેદાનોમાં જોવા મળે છે. તે ૮ ફૂટ સુધી ઊંચા થઈ શકે છે. આ સાપ સાથે જોડાયેલી સૌથી ખતરનાક બાબત છે તેમનું ઝેર. આ સાપ એક ડંખથી ૪૪-૧૧૦ મિલિગ્રામ ઝેર છોડે છે, જે ૨૦૦થી વધુ માણસોને મારવા માટે પૂરતું છે. મહત્વનું છે કે, આ સાપ કરડવાની ૪૫ મિનિટમાં વ્યક્તિનું મૃત્યુ થઈ શકે છે. હવે સવાલ એ થાય છે કે, આ સાપનું ઝેર આટલું ઝેરી કેવી રીતે? ખરેખર, આ સાપના ઝેરમાં હાયલ્યુરોનિડેઝ નામનું એન્ઝાઈમ જોવા મળે છે. તે ઝેરને વધુ ઝેરી બનાવે છે. ફક્ત આ એક એન્ઝાઈમ શરીરમાં ઝેરના અસરની ઝડપને વધારે છે, જેનાથી માણસનું મોત જલદી થાય છે. આટલા ઝેરી હોવા છતાં આ સાપ શાંત રહે છે અને માણસોથી દૂર રહેવાનું પસંદ કરે છે.

**યુનેસ્કો દ્વારા ૧૯૮૩માં તેની ભવ્ય આર્ટવર્ક માટે તેને વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે માન્યતા આપવામાં આવી હતી**

# તાજમહેલ બનાવવા માટે હજારો ટન ગોળનો થયો હતો ઉપયોગ




પ્રેમના પ્રતિક એવા તાજમહેલને જે કોઈ જુએ છે તેના મોઢામાંથી એક જ શબ્દ નીકળે છે - વાહ! ૨૨ વર્ષમાં ૨૨ હજાર મજૂરો દ્વારા બનાવવામાં આવેલ તાજમહેલની સુંદરતા ૩૬૬ વર્ષ પછી પણ એવી જ છે.

તાજમહેલને જોઈને ઘણા લોકોના મનમાં આ સવાલ ઉઠે છે કે આ ઈમારત આટલા વર્ષો સુધી આટલી સુંદર કેવી રીતે રહી અને કેવી રીતે બની શકી. પરંતુ શું તમે જાણો છો કે આ પ્રેમનું પ્રતીક બનાવવા માટે કામદારોએ એક ખાસ ટેકનિકનો ઉપયોગ કર્યો હતો. જેના માટે કેટલાય ટન ગોળની પણ જરૂર પડતી હતી. હકીકતમાં, તાજમહેલના નિર્માણની પ્રક્રિયા ૧૬૩૧ની સદીમાં શરૂ થઈ હતી અને તે ૧૬૪૮માં પૂર્ણ થઈ હતી. તેના નિર્માણમાં ૩૮ ખાસ પત્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વળી, તેના નિર્માણનો સમાન લાવવા માટે એક હજારથી વધારે હાથી દિવસ-રાત મહેનત કરી રહ્યા હતાં. આવી સ્થિતિમાં, આ ઈમારતને વિશેષ બનાવવા માટે, તેના નિર્માણમાં એક ખાસ પ્રકારના લેપનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે તૈયાર કરવામાં આવ્યો હતો ઘણાં ટન ગોળમાંથી. જી હાં, તમે એકદમ સાચું વાંચી રહ્યા છો આ ઈમારતને મજબૂત બનાવવા માટે ખાસ લેપ બનાવવામાં આવ્યો હતો જે કાંકરા, ગોળ, દહીં, બેલગીરીનું પાણી અને અડદની દાળમાંથી તૈયાર કરવામાં આવ્યો હતો. જેના દ્વારા પત્થરો એકસાથે ચોંટી ગયા હતા.

હવે તમે વિચારી રહ્યા હશો કે આ ઈમારતને બનાવવામાં કેટલો ખર્ચ થયો હશે, તો ચાલો તમને જણાવી દઈએ કે એક અનુમાન મુજબ તે સમયે તેને બનાવવામાં ૩૨ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. જે આજના સમયમાં ૫૨,૮૦૦ કરોડ રૂપિયા બરાબર છે. તાજમહેલ પારસી અને ઈસ્લામિક કલાનું ઉત્તમ ઉદાહરણ છે. યુનેસ્કો દ્વારા ૧૯૮૩માં તેની ભવ્ય આર્ટવર્ક માટે તેને વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે માન્યતા આપવામાં આવી હતી.









વિશ્વ ઉમિયાધામ ફાઉન્ડેશન દ્વારા વૈષ્ણોદેવી મંદિરની પાસે, એસ.જી. હાઈવે અમદાવાદ ખાતે ૭૫મા પ્રજાસત્તાક દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઓલ ગુજરાત ઇન્ટર કોર્પોરેશન ટી ૨૦ ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો



। અમદાવાદ, તા.૨૮ ।

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદના નવરંગપુરા સ્થિત સરદાર પટેલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન ટી ૨૦ ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે પોતાના આગવા અંદાજથી બેટિંગ કરીને આ ક્રિકેટ ટુર્નામેન્ટ ખુલ્લી મૂકી હતી. પાંચ દિવસ રમાનારી આ ટુર્નામેન્ટમાં અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, સુરત, વડોદરા અને જૂનાગઢ શહેરની મેયર્સ અને કમિશનર્સની ટિમો વચ્ચે મુકાબલો યોજાશે.

આ ટુર્નામેન્ટ ની પ્રથમ મેચ ગાંધીનગર મેયર્સ અને અમદાવાદ મેયર્સ ટીમ વચ્ચે યોજાઈ હતી. મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ તમામ ટીમના ખેલાડીઓને જીતની શુભકામનાઓ પાઠવી હતી.

ટુર્નામેન્ટના પ્રારંભ પ્રસંગે અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભા જૈન, સાંસદ શ્રી હસમુખ પટેલ, ધારાસભ્ય સર્વશ્રીઓ બાબુસિંહ જાદવ, અમૂલ ભટ્ટ, કૌશિક જૈન, દીનેશસિંહ કુશવાહ, પાયલ કુકરાણી, અલ્પેશ ઠાકોર તથા અમદાવાદ મનપા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી દેવાંગ દાણી અને મનપાના અધિકારીશ્રીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બારશાખ રાજપૂત ક્ષાતિપંચ અમદાવાદ દ્વારા ગણતંત્ર દિવસ નિમિતે રમતોત્સવ યોજાયો



। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ પ્રહલાદ નગર પાસે આવેલ રમાડા કિક્રેટ ગ્રાઉન્ડ ખાતે ૨૬ જાન્યુઆરી ગણતંત્ર દિવસ ના રોજ બાળકો. યુવાનો, મહિલાઓ માટે વિવિધ રમતો મણકા પૂરવણી.પોટેટો રેસ.લીંબુ ચમચો.કોથળા દોડ જેવી નો રમતોત્સવ યોજાયો જેમા ૩ વર્ષ થી ૪૫ વર્ષ ના લોકો મોટી સંખ્યા મા ભાગ લીધો હતો આ કાર્યક્રમ મા બારશાખ રાજપૂત ક્ષાતિપંચ અમદાવાદની મહિલાવીગં તેમજ સમાજ ના યુવાનો દ્વારા કાર્યક્રમનુ આયોજન કરવામા આવ્યુ હતુ આ પ્રસંગે સમાજ ના પ્રમુખ શ્રી સુરેનદ્ર સિહ મકવાણા અને આગેવાન એ વિજેતા લોકો ને સન્માનિત કરવામા આવ્યા હતા સમાજ ના લોકો ને અંભિનંદન આપ્યા હતા

### નેક્સસ અમદાવાદ વન દ્વારા

## પ્રજાસત્તાક દિવસ અંતર્ગત દેશભક્તિની ઉજવણી નિમિતે બાળકોની અવિસ્મરણીય ડાન્સ કોમ્પિટિશનનું આયોજન




। અમદાવાદ, તા.૨૮ ।

નેકસસ અમદાવાદ વને ૨૬ જાન્યુઆરી નિમિત્તે ગર્વથી અદભૂત કિડ્સ ડાન્સ કોમ્પિટિશન નું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ભલેનારાઓને તેમની અસાધારણ પ્રતિભા દર્શાવી. દેશભક્તિ ભરેલ ડાન્સ પર્ફોર્મન્સ કરી ઓડિયન્સ ને મોહિત કર્યા. સાંજે ૪ વાગ્યા થી સ્ટેજ એલેક્ટ્રિફઈંગ પર્ફોર્મન્સ થી જીવંત બની ગયો.ભાગલેનારના પરિવારજનો અને સપોર્ટરોએ ભાગલેનારાઓનો જોશ વધાર્યો હતો અને સાંજ ને આનંદ અને ઉત્સાહમય થઈ ગઈ.

## ગુજરાત સાયન્સ સિટીમાં ૭૫મા પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી

। અમદાવાદ, તા.૨૮ ।

શુક્રવારે સમગ્ર દેશમાં ૭૫મા પ્રજાસત્તાક પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. ત્યારે ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી ખાતે પણ આ પર્વની ભવ્ય ઉજવણી કરાઈ. ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી જે.બી. વદરે તિરંગો લહેરાવ્યો અને સલામી આપી. આ પ્રસંગે ગુજરાત સાયન્સ સિટીના તમામ કર્મચારીઓ તેમજ મુલાકાતીઓ હાજર રહ્યા હતા.

આ દરમિયાન કર્મચારીઓને પ્રજાસત્તાક દિવસની શુભકામના આપતાં ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી જે.બી. વદરે જણાવ્યું કે આપણે સૌએ સાથે મળીને દેશના વિકાસમાં સાથ સહકાર આપવો જોઈએ. તેમણે કહ્યું કે આપણે વૈજ્ઞાનિક અભિગમ અને વૈજ્ઞાનિક સમજ સાથે સમાજનુ ઘડતર કરવાનું છે. સાથે




સાથે શૈક્ષણિક રીતે પણ વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવાની છે, જે માટે ગુજરાત સાયન્સ સિટી પ્રતિબદ્ધ છે. આ પ્રસંગે યોગ બોર્ડ દ્વારા ચાલી રહેલા યોગના કાર્યક્રમના સહભાગીઓએ દેશભક્તિના ગીતો પર યોગાસનો સાથેનો ડાન્સ રજૂ કર્યો હતો. જે જોઈને દરેક કર્મચારીઓ અને મુલાકાતીઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

## પોઇચામાં વિશ્વના સૌથી લાંબા૧૦૦૮ ફૂટનો ફૂલોનો હાર ગુંબજને ચઢાવવામાં આવ્યો

। નર્મદા, તા.૨૮ ।

વિશ્વના પ્રસિદ્ધ સ્વામિનારાયણ મંદિર નીલકંઠ ધામ પોઇચામાં વિશ્વના સૌથી લાંબા ૧૦૦૮ ફૂટનો ફૂલોનો હાર રાજસ્થાન જનમંચના પ્રમુખ કૈલાશ સોનીના નેતૃત્વમાં સ્વામિનારાયણ મંદિરના સૌથી ઊંચા ગુંબજને ચઢાવવામાં આવ્યો હતો. આશ્રમના સ્વામિ સંતો, ભક્તો, જનપ્રતિનિધિઓ, વિવિધ સમાજના અગ્રણીઓની હાજરીમાં ફૂલોની વિશાળ માળા ગુંબજ પર અર્પણ કરવામાં આવી હતી. વડોદરાના પ્રખ્યાત ફૂલના કુશળ ફૂલ કારીગરો દ્વારા આ ખાસ ફૂલનો હાર ૪૦૦કિલો તાજા ફૂલોથી બનાવવામા આવ્યો હતો. આ અગાઉ ગુજરાત રાજ્યના મોગલ ધામ પ્રતિષ્ઠા મહોત્સવ ૨૦૨૨ પ્રસંગે એક વિશ્વ રેકોર્ડ બનાવવામાં આવ્યોહતો. જેમાં વિશ્વનો સૌથી લાંબો અને ભારે ફૂલોની માળા બનાવવામાં આવી જેની લંબાઈ ૧૧૧ ફીટ અને વજન ૨૭૦ કિલો હતું.

### ગણપત યુનિવર્સિટીના આંગણે ઉજવાયો “રાષ્ટ્રીય મતદાતા દિવસ”

## યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપત દાદા અને જિલ્લા ભાજપના પ્રમુખ ગિરીશભાઈ રાજગોરે યુવા વિદ્યાર્થીઓને મતદાનનું મૂલ્ય સમજાવ્યું

। મુંબઈ, તા.૨૮ ।

“તમે ગુની છો, ગુણવાન છો, ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ છો એટલે તમે સમજો છો કે હવે તમે આ ચૂંટણીમાં તમારું પહેલીવારનું મતદાન કોની તરફેણમાં કરશો. જે નેતા દેશનું ભલું કરી શકે એમને જ આપણે મતદાન કરવાનું હોય, બરાબર ને ?!” આ શબ્દો હતા ગણપત યુનિવર્સિટીના મુખ્ય દાતા અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ - દાદાના.

ગઈ ૨૫મી જાન્યુઆરીના રોજ દેશભરમાં ઉજાવાયેલા “મતદાતા દિવસ”ની ઉજવણીના ભાગ રૂપે ગણપત યુનિવર્સિટીના આંગણે યોજાઈ ગયેલા “નમો નવ મતદાતા સંમેલન”ને સંબોધન કરતા શ્રી ગણપત દાદાએ વધુમાં યુવા વિદ્યાર્થીઓ અને આ વખતની ચૂંટણી અવસરે પ્રથમ વાર મતદાનનો અધિકાર પ્રાપ્ત કરી રહેલા યુવા મતદારોને શીખ આપતા જણાવ્યું હતું કે દેશભરમાં તાજેતરમાં શ્રી રામ મહોત્સવ ભારે ઉત્સાહ અને ભક્તિભાવ પૂર્વક ઉજવાયો એમાંથી પણ આપણે શીખવાનું છે... ભગવાન રામના આદર્શને જીવનમાં ઉતારવાના છે.




હનુમાનજી પાસેથી વફાદારીના પાઠ શીખવાના છે. હાર્ડ વર્કિંગ શીખવાનું છે.

આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના શાસનમાં દેશે ખુબ પ્રગતિ કરી છે એટલે આપણે એમની સાથે રહી શકીએ એમ છીએ. ખરું ને ?!

“નમો નવ મતદાતા સંમેલનનું આયોજન ગુજરાતના ભારતીય જનતા યુવા મોરચાના મહેસાણા એકમ દ્વારા કરવામાં આવ્યું હતું અને તેના પ્રમુખ અને ગણપત યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી ભાઈ શ્રી મયુર પટેલ અને મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ગિરીશભાઈ રાજગોર પણ ખાસ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

એમણે બંનેએ પોતાના વક્તવ્યમાં નવા મતદાર તરીકે આ વર્ષે મતદાન કરવા જઈ રહેલા યુવા વિદ્યાર્થીઓને કહ્યું હતું કે અમે તમને એમ કહેવા નથી આવ્યા કે તમે અમને મત આપો પરંતુ એટલું જ કહેવા આવ્યા છીએ કે તમે જેને મત આપો એમને સમજી વિચારીને આપજો કારણ કે તમારા સૌના એક એક મતની ખુબ ઊંચી કિંમત છે. તમે હવે એક જવાબદાર મતદાતા બન્યા છો. તમારો મત ભારતનું ભાવિ નક્કી કરશે.

શ્રી ગિરીશભાઈ રાજગોરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈની તમામ મોટી અને મહાન સિદ્ધિઓને વિગતવાર વર્ણવી અને બિરદાવી હતી. શ્રી મનોજભાઈ ગઢવી સહીત અન્ય ઘરે કેટલાંક યુવા નેતાઓ પણ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. ગણપત યુનિવર્સિટી વતી આ સંમેલનના આયોજનને સફળ બનાવવા માટે ફાર્મસી કોલેજના ડીન પ્રોફેસર ડૉક્ટર શ્રી પી યુ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે યુવા વિદ્યાર્થી મિત્રોએ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશના યુવા મિત્રોને કરેલું જાહેર પ્રવચન લાઈવ સાંભળ્યું હતું.

## રાષ્ટ્ર નિકેતન 33.0 ત્રિવિધ કાર્યકર્મ યોજાયો





। સુરત, તા.૨૮ ।

અર્ચના વિદ્યા નિકેતન દ્વારા ૭૫માં પ્રજાસતાક દિવસ પર રાષ્ટ્ર નિકેતન 33.0 ત્રિવિધ કાર્યકર્મ યોજાયો. મુખ્ય મહેમાનશ્રી નીલેશભાઈ અકબરી (VHP મંત્રી સુરતના) હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું. વરાછા વિભાગ પી.એસ.આઈ. પી.વી. સોલંકી સાહેબના વરદ હસ્તે SPC(સ્ટુડન્ટ પોલીસ કેડેટ)નું વિધિવત્ ઉદઘાટન કરવામાં આવ્યું. પી.એસ.આઈ. પી.વી. સોલંકી સાહેબ દ્વારા SPC વિશે શાળાના તમામ વાલીઓ અને વિદ્યાર્થીઓને વિશેષ માહિતી આપી તેમજ ગણતંત્ર દિવસ પર રાષ્ટ્રધર્મ વિશે પ્રેરણાદાયી ઉદબોધન આપ્યુ. મહેમાનશ્રીઓ દ્વારા અખંડ શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્લોક પઠન વર્લ્ડ રેકોર્ડમાં ભાગીદાર તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને પ્રમાણપત્રો અર્પણ કાર્ય.વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ દેશભક્તિની કૃતિઓ રજૂ કરવામાં આવી.

ભારત સ્કાઉટ એન્ડ ગાઈડના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર પરેડ કરવામાં આવી હતી.કાર્યક્રમમાં અન્ય મહેમાનશ્રીઓ કુસુમ વર્મા, કૃષ્ણ મુરારી, જીજ્ઞેશ કચ્છી, ગોને સોમૈયા, દાસરી શ્રીનિવાસ, પારીપલ્લી શિવા ઉપસ્થિત રહ્યા હતા. શાળાના પ્રમુખ ડૉ. ધીરજલાલ પરડવા દ્વારા અભિવાદન કરવામાં આવ્યું.શિક્ષકશ્રી જલ્પેશ નકુમ દ્વારા સુંદર એક્રરીંગ થયું.સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય ડૉ.રજિતા તુમ્મા અને નિયામક ડૉ. ચંદુભાઈ ભાલીયા દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર શાળા પરિવાર સાથે મળી કાર્યક્રમને સફળ બનાવ્યો.

## શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદ દ્વારા ગણતંત્ર દિવસ ઉજવવામાં આવ્યો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ઝાલોદમાં કોલેજ પરિવાર દ્વારા ૭૫માં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી. તેમાં કૉલેજના એન. સી. સી., એન. એસ. એસ. સહિત તમામ વિદ્યાર્થીઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પ્રાધ્યાપક ડૉ. અજિતસિંહ પરમારના માર્ગદર્શનમાં એન. સી.સીના વિદ્યાર્થીઓ દ્વારા પરેડ કરવામાં આવી હતી. તેમજ ટૂંક સમયમાં સેવાનિવૃત્ત થનારા કોલેજના પ્રાધ્યાપિકા ડૉ. હિરમતીબેન સૂર્વે દ્વારા ધ્વજ વંદન તથા ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. કૉલેજના પ્રિન્સિપાલ શ્રી મધુકર ભાઈ પટેલ તથા કોલેજના તમામ સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

## મહેસાણાની લાયન્સ હોસ્પિટલમાં ૭૫મા ગણતત્ર દિવસે આન બાન અને સાન સાથે લાયન્સ કલબના પ્રમુખ વિષ્ણુભાઈ એસ પટેલના હાથેધ્વજ વંદન કરવામાં આવ્યું



તસ્વીર : વી. એસ. શ્રીમાળી, મહેસાણા

। (પ્રતિનિધી) મહેસાણા, તા.૨૮ ।

લાયન્સ કલબ દ્વારા ધ્વજ વંદન પ્રસંગે લાયન્સ કલબના સભ્યો જેવાકે શ્રી સુરેશભાઈ પટેલ - સેકેટરી, ડિમ્પલબેન ભમભટ, શ્રી સી. એસ પટેલ, સતીશ એચ પટેલ, અમૃતભાઈ પ ટેલ, બેચભાઈ પટેલ, ડી. ટી. પટેલ સહીત અને લાયન્સ હોસ્પિટલના સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા. લાયન્સ કલબ દ્વવારા ફૂટ અને પારલે બિસ્કિટના પેકેટ લાયન્સ કલબ દ્વારા પ્રમુખના હાથે હોસ્પિટલમા દાખલ દર્દીઓને વિતરણ કરાયું હતું. અને દાખલ દર્દીઓને ખબરઅંતર પુછી હતી.

## ૭૫મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે અમદાવાદમાં આવેલ મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

। અમદાવાદ, તા.૨૮ ।

૭૫મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે અમદાવાદમાં આવેલ મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનમાં ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન લેબર કમિશનર શ્રી અનુપમ આનંદ દ્વારા ધ્વજ ફરકાવી ૭૫મા પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ આપ વામાં આવી હતી. આ પ્રસંગે તેમણે કહ્યું



હતું કે, આપણે સૌએ બંધારણનું મહત્ત્વ અને તેનાં મૂલ્યો જાણવાં અને સમજવાં જોઈએ. બંધારણ એ આપણો ગર્વનો વિષય છે. બંધારણનાં મૂલ્યોને આપણે રોજબરોજની જીવનશૈલી અને કાર્યોમાં સામેલ કરીએ, એવું તેમણે ઉમેર્યું હતું. મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન વિશે વાત કરતા શ્રી અનુપમ આનંદે કહ્યું હતું કે, વર્ષ ૧૯૭૯માં જ્યારે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનની સ્થાપના કરવામાં આવી ત્યારથી લઈને અત્યાર સુધી શ્રમ શક્તિને કૌશલ શક્તિમાં પરિવર્તન કરવા માટેની કામગીરી અવિરતપણે થઈ રહી છે. મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનનું નામ સમગ્ર ભારતમાં એક ગૌરવશાળી સંસ્થા તરીકે લેવામાં આવે છે. આ ગૌરવશાળી સંસ્થામાં પણ બંધારણનાં મૂલ્યોનું સિંચન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનના રજિસ્ટ્રાર શ્રી એચ. આર. સુથાર, મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનના પ્રોફેસર ડૉ. શ્રી જિગ્નેશ પાપરીયા અને મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

ગુજરાત હાઇકોર્ટ પરિસર ખાતે ૭૫મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી

# ગુજરાત હાઇકોર્ટનાં મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગ્રવાલે રાષ્ટ્રધ્વજ ફરકાવી તિરંગાને સલામી અર્પી



**। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।**

સમગ્ર દેશમાં ૭૫મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી થઈ રહી છે ત્યારે અમદાવાદ સ્થિત ગુજરાત હાઈકોર્ટના પ્રાંગણમાં મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગ્રવાલે પ્રજાસત્તાક દિન નિમિત્તે સવારે ૧૦:૦૦ કલાકે રાષ્ટ્રધ્વજ ફરકાવી તિરંગાને સલામી અર્પી હતી. મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગ્રવાલે ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી હતી. સાથે જ આ પર્વની ઉજવણી નિમિત્તે તેમણે ગુજરાત હાઈકોર્ટ ખાતે એક દિવસીય ફ્રી મેડિકલ



ચેકઅપ તેમજ બ્લડ ડોનેશન કેમ્પને ખુલ્લો મૂક્યો હતો. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિશ્રીઓ, નિવૃત્ત ન્યાયમૂર્તિશ્રીઓ, એડવોકેટ જનરલ, એડિશનલ એડવોકેટ જનરલ, સરકારી વકીલ, ન્યાયિક અધિકારીઓ, વકીલો તેમજ કર્મચારીઓ પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સામેલ થયા હતા.

કાપડથી કંટ્રોલમાં રહેશે બીપી!

# સુરતમાં શોધાયું બ્લડ પ્રેશરના દર્દીઓને રાહત આપતું કાપડ

**। (એજન્સી) સુરત, તા.૨૮ ।**

બ્લડ પ્રેશરના દર્દીઓ માટે સુરતની મંત્રા મેન મેટ ટેક્સટાઈલ રિસર્ચ એસોસિએશને ખાસ યાર્ન તૈયાર કર્યું છે. આ યાર્નથી હાઈ બ્લડ પ્રેશરના દર્દીને રાહત મળશે. આ યાર્ન બામ્બુ ચારકોલથી તૈયાર કરાયું છે. જેનાથી જો ભવિષ્યમાં ફેબ્રિક બનાવવામાં આવશે તો લોકોને બ્લડ પ્રેશર જેવી સમસ્યાથી રાહત મળી શકશે. જો કોઈ વ્યક્તિને હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા હોય અને તેઓ આ તૈયાર ફેબ્રિક પહેરશે તો તેમને ૨૦ થી ૩૦ ટકા બ્લડપ્રેશર ડાઉન કરવામાં મદદ મળી રહેશે. એટલું જ નહીં આવનાર દિવસોમાં આ ફેબ્રિકથી જોઈન્ટ પેઈન માટે જે શોક્સ પહેરવામાં આવે છે તે પણ તૈયાર કરી શકાશે.

મંત્રા મેન મેટ ટેક્સટાઈલ રિસર્ચ એસોસિએશન (મિનિસ્ટ્રી ઓફ ટેકટર ટેક્સટાઈલ ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા) દ્વારા એક ખાસ યાર્ન કરવામાં આવ્યું છે. જેનાથી બ્લડ પ્રેશરના દર્દીઓને રાહત મળશે. આ યાર્નથી બીપીના દર્દીઓને હાઈ બ્લડ પ્રેશરના સમયે ૨૦ થી ૩૦ ટકા રાહત મળી રહેશે. આ યાર્ન બામ્બુ ચારકોલથી તૈયાર કરવામાં આવ્યું. પ્રથમ સંશોધન છે બામ્બુને સળગાવી જે ચારકોલ ઉત્પન્ન થાય છે તેમાં પોલિસ્ટર મિક્સ કરી યાર્ન બનાવવામાં આવ્યું છે.

ટેક્સટાઈલ ઉદ્યોગ માટે સુરત પ્રખ્યાત છે પરંતુ હવે આ ઉદ્યોગમાં લોકોને વધુ સારી ક્વોલિટીનો ફેબ્રિક મળી રહે આ માટે મંત્રા સંશોધન કરતી હોય છે. આ વખતે મંત્રા દ્વારા ખાસ બામ્બુ ચારકોલ યાર્ન સંશોધિત કરવામાં આવ્યું છે જેનાથી જો ભવિષ્યમાં ફેબ્રિક બનાવવામાં આવશે તો લોકોને બ્લડ પ્રેશર જેવી સમસ્યાથી રાહત મળી શકશે. મંત્રા સંસ્થાનના ડિરેક્ટર દ્વારા જણાવવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિને હાઈ બ્લડ પ્રેસર ની સમસ્યા હોય અને તેઓ આ તૈયાર ફેબ્રિક પહેરશે તો તેમને ૨૦ થી ૩૦ ટકા બ્લડપ્રેશર ડાઉન કરવામાં મદદ મળી રહેશે.

એટલું જ નહીં આવનાર દિવસોમાં આ ફેબ્રિક ના કારણે જોઈન્ટ પેઈન માટે જે શોક્સ પહેરવામાં આવે છે તે પણ તૈયાર કરી શકાશે. બીજી બાજુ આ યાર્નના સંશોધન કરતા દ્વારા જણાવવામાં આવ્યું છે કે ખાસ ચારકોલ બનાવવા માટે યાર્ન એક પદ્ધતિથી સળગાવવામાં આવે છે અને તેનાથી આ ચારકોલ તૈયાર થાય છે. આ વાસ્તવિક કોલ નથી પરંતુ બાયોલોજીકલ કોલ કહી શકાય છે.

ભરૂચમાં લાગેલા એક બેનરથી રાજકારણ ગરમાયું

# અહેમદ પટેલના દીકરા અને દીકરી વચ્ચે બેઠક માટે જંગ

## હું તો લડીશના બેનર સાથે અહમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલે લોકસભા ચૂંટણીનો પ્રચાર શરૂ કર્યો છે




**। (એજન્સી) ભરૂચ, તા.૨૮ ।**

લોકસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ ભરૂચ ની બેઠક મહત્વની બનતી જઈ રહી છે. ખાસ કરીને ભરૂચ બેઠક ઉપર આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ડેડીયાપાડા આપના ધારાસભ્ય ચૈત્ર વસાવાના નામની જાહેરાત થઈ છે. જોકે હજુ તેઓ જેલમાં છે ત્યારે બીજી તરફ ભરૂચની બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર તરીકે બે નામ ચર્ચામાં છે. જેમા રાજ્ય સભાના પૂર્વ સદસ્ય સ્વ.અહેમદ પટેલના દીકરા અને દીકરી ફૈઝલ પટેલ અને મુમતાઝ પટેલના નામો ચર્ચાઈ રહ્યાં છે. ત્યારે હું તો લડીશના બેનર સાથે અહમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલે લોકસભા ચૂંટણીનો પ્રચાર શરૂ કર્યો છે.

દેડીયાપાડામાં કોંગ્રેસ દ્વારા ફૈઝલ પટેલની આગેવાનીમાં આદિવાસી જન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં 'હું તો લડીશ' નાં બેનર સાથે ફૈઝલ પટેલનું સ્વ.અહેમદ પટેલ સાથે કોંગ્રેસે પોસ્ટર જાહેર કર્યું. મોટી સંખ્યામાં આદિવાસી લોકો કોંગ્રેસના કાર્યક્રમમાં જોડાયા હતા. આ સાથે જ કોંગ્રેસે ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો છે. આમ આદમી પાર્ટીનાં ચૈતર વસાવાની જાહેરાત જેને લઈને ફૈઝલ પટેલે જણાવ્યું હતું કે, એ તેમની પાર્ટીનો વિષય છે. ઈન્ડીયા ગઠબંધનમાં જે નક્કી કરશે તે જ ઉમેદવાર રહેશે.

મહત્વનું છે કે, ભાજપામાંથી સતત સાતની વાર વર્તમાન સાંસદ મનસુખભાઈ વસાવા ફરીથી ચૂંટણી લડે તેવી શક્યતા છે. ભરૂચ લોકસભા ૨૦૨૪માં કોંગ્રેસનાં ઉમેદવાર તરીકે ફૈઝલ પટેલ કે મુમતાઝ પટેલ લડે એવી શક્યતા છે. ભરૂચ લોકસભા સીટ પર સ્વ.અહેમદ પટેલ ચૂંટણી લડ્યા હતા એટલે હવે તેમના સંતાનોની ઉમેદવારી હોય એવી કોંગ્રેસની ઈચ્છા છે. ભરૂચમાં લાગેલા એક બેનરથી રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસના દિવંગત નેતા અહેમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલના બેનરથી ચર્ચા ઉઠી છે. ભરૂચના અંકલેશ્વર વાલીયા ચોકડી ખાતે મરહૂમ એહમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલની તસ્વીર સાથે "હું તો લડીશ" ના સ્લોગન સાથે બેનર લાગતા લોકસભાની ચૂંટણી પૂર્વે ભરૂચના રાજકરણમાં ચર્ચાનો વિષય બન્યો છે. હજી થોડા સમય પહેલા જ અહમદ પટેલના પુત્રી મુમતાઝે પણ કોંગ્રેસમાંથી લડવાની જાહેરાત કરી હતી. ત્યારે હવે ફૈઝલ પટેલના બેનરથી પરિવારમાં બે ભાગ પડ્યા હોય તેવું લાગે છે. બીજી તરફ ચૈતર વસાવા માટે આમ આદમી પાર્ટી રાજ્યની ફક્ત આ એક જ બેઠક માંગી રહી છે. ત્યારે ભરૂચ બેઠક હોટ બેઠક બની રહી છે. જોકે, હજી તો બેઠકના દાવેદાર વિશે કંઈ નક્કી નથી, તેમાં ભાઈ-બહેન વચ્ચે ડખા શરૂ થયા છે. લોકસભાની ચૂંટણીને હજી વાર છે. પરંતુ અત્યારથી જ ટિકિટ માટે નેતાઓમાં હોડ લાગી ગઈ છે. દરેક નેતા પોતાને ટિકિટ મળે તે માટે એડીચોટીનું જોર લગાવી રહ્યો છે. ત્યારે ભરૂચ બેઠક ગુજરાતની સૌથી હોટ સીટ બની છે. કારણ કે, આ બેઠક માટે એક સાથે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં લડાઈ છે. ત્યારે હવે અહેમદ પટેલના દીકરા દીકરી વચ્ચે આ બેઠક માટે જંગ શરૂ થઈ ગઈ છે.

ભરૂચના જાહેર માર્ગ પર એક બેનર લગાવવામાં આવ્યું છે. આ બેનરમાં માત્ર "હું તો લડીશ – ફૈઝલ અહેમદ પટેલ" લખેલું છે. તો સવાલ એ છે કે, આ બેઠક પરથી જો ફૈઝલ પટેલ ચૂંટણી લડશે તો મુમતાઝ પટેલનું શું થશે, જેઓએ થોડા સમય પહેલા જ ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. ત્યારે હવે ભરૂચની બેઠક અહેમદ પટેલના પરિવારમાં વિવાદ જગાવી રહી છે. કારણ કે, ફૈઝલ પટેલ કોંગ્રેસથી નારાજ છે. તેથી તેઓ કયા પક્ષથી ચૂંટણી લડશે તે મોટો સવાલ છે.

# ગુજરાતમાં હાલમાં બેવડી ઋતુનો થઈ રહ્યો છે અનુભવ

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।**

ગુજરાતમાં ફરી કમોસમી વરસાદની વરસાદની આગાહી આવી ગઈ છે. કમોસમી વરસાદનું નામ સાંભળતા જ ખેડૂતોની ચિંતા વધી જાય છે. વરસાદની આગાહીના પગલે હાલ સમગ્ર ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ ઘટ્યું છે. નલિયા, ડીસા, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં તાપમાન વધ્યું છે. એકાએક તાપમાન વધતા લોકો રાબેતામુજબ અનુભવ કરી રહ્યાં છે. આ વચ્ચે હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી ૪ દિવસ ગુજરાતનું વાતાવરણ સૂકું રહેશે. પાંચથી છ દિવસ તાપમાન યથાવત રહેવાની હવામાનની આગાહી છે. અમુક જગ્યાએ એકથી બે ડિગ્રી તાપમાન વધી શકે છે. આગામી ૨ દિવસ ગુજરાતમાં વાદળો રહેશે.

આગામી પાંચ દિવસને લઈને હવામાન વિભાગની આગાહી એવી છે કે, પાંચ દિવસ ગુજરાતનું વાતાવરણ સૂકું રહેશે. હવામાન વિભાગના રામાશ્રય યાદવે જણાવ્યું કે, પાંચ થી છ દિવસ તાપમાન યથાવત રહેશે. કોઈ કોઈ જગ્યાએ એક થી બે ડિગ્રી તાપમાન વધી શકે છે. ગાંધીનગરમાં ૧૧.૮ ડિગ્રી, અમદાવાદમાં ૧૪ ડિગ્રી તાપમાન થયું છે. તો નલિયામાં ૧૦.૫ ઓછું તાપમાન નોંધાયું છે.




# ઈડરના જંગલમાં પહાડો પર લટકતું મળ્યું માનવ કંકાલ

**। (એજન્સી) ઈડર, તા.૨૮ ।**

ઈડરનું જંગલ ફરી એકવાર ચર્ચામાં આવ્યું છે. આ જંગલમાં માનવ કંકાલ મળી આવ્યું છે. મુડેટી પાટિયા અને વસાઈ સીમ પાસે પહાડો વચ્ચે માનવ કંકાલ લટકતી હાલતમાં મલ્યું છે. આ એક મહિલાનું માનવ કંકાલ છે. આ કંકાલ ૬ મહિનાથી લટકતું હોય તેવું ચર્ચાય છે. આ માનવ કંકાલને હાલ એફએસએલમાં મોકલી દેવાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઈડરના સીમમાં એક મહિલાનું માનવ કંકાલ પહાડ પર લટકતી હાલતમાં મળી આવ્યું છે. વન વિભાગની ટીમની પેટ્રોલિંગ દરમિયાન આ માનવ કંકાલ પર નજર પડી હતી. ઝાડની ડાળીમાં સાડીથી લટકતી હાલતમાં મહિલાનું માનવ કંકાલ મળી આવ્યુ હતું. માનવ કંકાલ પાસે મહિલાના પગરખા પણ પડ્યા હતા. આ માનવ કંકાલ ૬ મહિનાથી ત્યાં લટકતુ હોવાનું કહેવાય છે. વન વિભાગે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જેના બાદ પોલીસની ટીમે માનવ કંકાલને એફએસએલમાં તપાસ અર્થે મોકલી આપ્યું છે. આ મહિલાએ આત્મહત્યા કરી હતી કે, તેની હત્યા થઈ છે તે અંગે પોલીસ તપાસે શરૂ કરી છે. પહાડોમાં માનવ કંકાલ મળી આવ્યાની વાત વાયુવેગે સમગ્ર ગામમાં પ્રસરી જતા મોટી સંખ્યામાં ગ્રામજનોના ટોળે ટોળા કંકાલને જોવા માટે ઉમટી પડ્યા હતા.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨